

સંગીત




પ્રાચીન



PRINTED BY GOVINDJI DAHYABHAI NAIK





ફોનોગ્રાફ
ગાયન સંગ્રહ
ભા. ૩થી ૮



બગનપુરી ભાગળ ભાજીવાળી પોળમા અનાવિલ
લોજની બાજુમા આવેલા
શ્રી 'અનાવિલ બંધુ' પ્રિન્ટીગ પ્રેસમા
ગોવિંદજી ડાહ્યાભાઈ નાયકે છાપી

બુકસેલર મણીલાલ ભાઈશંકર વ્યાસે
બદરી આઈશ ફેકટરી સામુથી પ્રગટ કરી

—આવૃત્તિ ત્રીજી—

નકલ ૨૦૦૦ સન ૧૯૨૫

સંગીત ફોનોગ્રાફ ગાયન

સંગ્રહ

— ભાગ ૧ થી ૮ સાથે —

વીર કુણાલ. —રાગ,—ગઝલ—

અમારા દેશને છોડી, અમે થાનાર પરદેશી,
હૃદયને મેળવી લેશે, અમારા પ્યાર પરદેશી.
થયા દુર્ભાગીયા એવા, તજાવી દેશની સેવા;
ભટકશું પારકા ઘરમા, બની લાચાર પરદેશી.
અમારી ધર્મ નીતિથી, અમારી સત્ય રીતિથી;
અમે સતકર્મથી થઇશુ, હૃયના હાર પરદેશી.
અમારા દેશ બંધુઓ, અમારી જન્મ ભુમીમાં;
હવે છેલ્લા પ્રણામો છે, અમે હદપાર પરદેશી.

વીર કેશરી.—રાગ—ગઝલ-કવ્વાલી-

થવાનુ ના થવાનુ કહે, નજુમી કોણ એવો છે;
ન જાણ્યુ જાનકી નાથે, સવારે શુ થવાનું છે ?

હતી શલ્યા રૂપે "અહલ્યા" જગતમા વાત જાહેર છે;
ન જાણ્યું જ્ઞાની ગૌતમે; સવારે શુ થવાનુ છે ?
હતા કૌરવ અને પાંડવ; જગતમા મહાબળી યોદ્ધા;
ન જાણ્યુ ભીષ્મ જેવાએ, સવારે શું થવાનું છે ?
રમ્યા જુગટુ સહુ સાથે, વિભુતી સૌ ગયા હારી;
ન જાણ્યુ ધર્મ જેવાએ, સવારે શું થવાનું છે ?

બલીરાજા. —:૦:—

મારી સજની, તુ કયા રમીઆવી રજની, સાચુ બોલ, બોલ, બોલ,
શાણી સૈયર, તુ શીદને આળ ચડાવે, કેડો છોડ, છોડ, છોડ !
હમણા માળા ગુથી હતીને, હમણા કેમ કરમાણી,
પરસેવો તને કયા વળ્યો, તારી ભમ્મર કયા ભીંજાણી—સાચું.
કાળો ભમરો શીરપર બેઠો, ઉરાડતા ગભરાણી,
લાપોટે લટ છુટી ગઈ—મારી, ભમ્મર ત્યા ભીંજાણી.—કેડો.
કસ્તુરી તારા અંગે મ્હેંકે, કુસુમ કળીના હારો,
નયન રહ્યા છે નાચી નવેલી, મળીયો કોણ હમારો—સાચુ—સાચું.
ચદ્ર સરોવર નહાવા ગઈતી, વાટે મળ્યો એક માળી,
છાબ ભરીને ગજરા આપ્યા, હુ તો તમથી હારી—કેડો.

બલીરાજા —.૦:—

વશ કીધો તેં વીર મારો, જે ગુણીયલ ને બહુ સારો,
નથી વાક જરા કાઇ મારો, નણદલ તમ વીર હમારો,
રગ મહેલમા હતી એકલી આવી અડપલુ કરી ગયા,
ચુંબન કરી, ભરી અંક મીલાવી, મોહન મનડુ હરી ગયા.—નથી.
વસત જોબન ફુલવાડીમા ભુલો પડી ગયો ભમરો,
લાલચ આપી તે લલચાવ્યો, બહુ ડાહ્યો કમરો—વશ.

ચરણમાં મને સ્થાન કરીને કંચુકીની કશ છોડી,
હૃદય ધરાપર થન થન નાચ્યા, લાજ શરમ સૌ તોડી—નથી.
વદન ચન્દ્ર છબી રતી લજાવે, ભ્રકુટી કામણગારી,
બંધુ મારો સરળ હૃદયનો કળા અજબ છે તારી—વદ.

ભરથરી—પીંગળા અને ભરથરીનો સંવાદ—

ધીક યુવા ધીક મુજને ધીક કામ વિકારજી,
જોયુંરે જુવાની મને સત્યથી, કર્યા નીચ વિચારજી
—ભેખરે ઉતારો રાજા ભરથરી.

ક્ષમા કરોરે રાજા રંક છુ, નારી અજ્ઞાની જાતજી,
અન્ય વખત એવું નહી કરૂ, લાજ્યા માતને તાતજી—ભેખરે.
કપટ રૂપીરે રાણી પીંગળા, એવું બોલે વચનજી;
રાજરે તજ્યું તુજ કારણે, જો વિચારીને મનજી,
ભિક્ષા દેને મૈયા પીંગળા.

તુંરે ખોટી ને ખોટું રાજ છે, ખોટો સારો સંસારજી,
અલખ જગાવું વન એકલો, જેથી પામુ ઉદ્ધારજી.—ભિક્ષા.
રહોતો રાજા રસોઈ કરૂ, જમતા જાઓ સ્વામીનાથજી,
ક્ષીરરે નીપજાવું ક્ષણ એકમા, જમીએ આપણ સાથજી.—ભેખરે.
મઢીરે કરાવું રંગ મહેલમા, રાખુ ગુપ્ત અવાસજી;
જેમરે જાણે નહિ જગતમા, સાધો જોગ રહી પાસજી—ભેખરે.
મહેલરે તારાને રાણી શું કરૂ, કેવો ગુપ્ત અવાસજી,
ક્ષીરરે ભોજનં તારૂ રાણી શુ કરૂં, નથી ભોગની આશજી—ભિક્ષા.
વાસી જંગલના જોગી અમે, નહી ગામમાં વાસજી;
વિં[illegible] આગળ રહું, નહિ નારીનો પાશજી.—ભિક્ષા.

ભગવા જોઈ રાજા ભરથરી, દાવાનળ દીલ થાયજી
માઈ કહો ન મારા કથજી, લાગે દેહમા લાયજી—ભેખરે.
વધુરે શુ વદુ રાણી પીંગળા, કરૂ અરે કેટલો ઉચ્ચારજી,
બધુ જોવોરે બધુ તજ્યો, માર્યો વચનનો મારજી,
હવેરે રાજને રાણી શું કરૂ.
વાકીરે વિધાતા મને ભુલવી, લખીયા લેખ લલાટજી,
આનુરે પ્રાયશ્ચિત હવે શુ કરૂ, મારગ આપો પૃથ્વીમાતજી—ભેખરે.
ત્રણશો નારીરે અન્ય આપની, માળવપતિ મહારાજજી;
એકને કારણ એને નવ તજો, પાપી પીંગળાને કાજજી—ભેખરે.
મોહ છોડી દે રાણી પીંગળા, પ્રીતે કર સતસગજી,
સગુ નથી કોઇ કોઇનુ, આ સસાર પતગજી—ભિક્ષા.
દેતી હુ તો ભિક્ષા દે મુને, નહિ તો કરૂ ગૃહ ત્યાગજી,
ગુરૂજી મારારે રોશે થશે, ચાલી જાય જમાતજી—ભિક્ષા

ભરથરી— રાગ-મરશીયા—

હાય, કેમ આ સહેશે ઉજેની રડાપો, ધણી થઇ છે રાજાજી માફ રાખો
આણુ લક્ષ માળવાના છો સ્વામી, કામ કોડીલા રૂપે ન ખામી,
ગોર અગે ભભુત શી જામીરે,—હાય, કેમ૦
એક બાજુ કૃષ્ણા તમારી રૂએ, ચન્દ્રકળા ચોધાર નીર ચુએ,
બાપુ સુખે ન આજ કોઇ સુએરે—હાય૦
મેહેલ મેહેલે વિલાપ છાયો છે, પવન શોકનો સઘળે વાયો છે;
કળકળતા બાઇઓ ને ભાઇઓ છેરે—હાય૦
ખાંધે લટકી શી ભગવી ઝોળી, આવ્યા વસ્ત્ર કયા ગેર ઝબોળી.
હાય હઇડામા પ્રગટાવી હોળીરે—હાય૦

નથી વિક્રમ બાઇની કંઈ આશા, કીધાં કરમે એવારે તમાશા
એણે બીજાં જંગલ ક્યાઇ વસ્યાંરે—હાય૦
ઘણી નોધારા અમને કરોમાં, આવુ અણધાર્યું પગલું ભરોમાં
જોગી જીવતા ચિત્તામાં ધરોમારે—હાય૦

દલપત ભજન. —રાગ–ભજન—

મોહન તારી મોરલીરે, વ્રજનારને વેરણ થઈ! (૨) હે...હરી.
કોમળ સુરે કાળજુ કોર્યું, ચીતડુ ચોર્યું વેરણ થઇ—મોહન.
કામ તો હવે કાંઇ ન સુઝે (૨) સાભળતા શત્રુ થઇ—(૨)
માતા પીતા તણી લાજુ તજીને, વૃંદાવનમાં ગઇ—મોહન.
વ્રજનારને વેરણ થઇ, મોહન તારી મોરલી–તારી મોરલી–(૨)
આવા આવા કારમા કામણ (૨) શામળા સીધા થઇએ—મોહન.
દુખડા કેરા, ડુંગર ડોલ્યા, મા બાપડી લ્યો પઇએ—મોહન.
"દલપત" વીહના દેવને મળવા (૨) ગોપીઓ ગોકુળ ગઇ—મોહન.

મહાશ્વેતા કાદમ્બરી —:૦:—

થઇ પ્રેમવશ પાતળીયા, મારા મનના માલીક મળીયારે...(૨)
પ્રીતે કરો મુખવાસ, સજનવા રાજ હૃદયના વાસી.
પ્રેમદા પ્રીત જ્યોત પ્રકાશી. મારા મનના મનોરથ ફળીયારે ..થઇ.
ભાગ્યવંત કર્યો ભગવતિ મુજને, જીવન સફળ થયુ મારૂ
કરો શ્રીહરિ શુભ તમારૂં, મારા મનના માલીક મળીયારે...થઇ.

મહાશ્વેતા કાદમ્બરી. — ૭ —

મંજરીએ મનડુ મોહ્યુ રે, મન ગમતા મહારાજ,
મારા મન ગમતા મહારાજ; એ શું દીલડું અમ પ્રોયુ રે મનગમેતા.
("શું આ પુષ્પ તમને બહુ ગમે છે?")

સાખી { " મનને તો ગમતુ ઘણુ, મુખથી કેમ મગાય,
" વીણુ પ્રીછયે વીણુ પારખ્યે, ઘટે માન મુનિરાય"

સાખી { " માગ્યે માન ઘટે નહિ, જેવુ જ્યા દાતાર,
" સુખે સ્વીકારો પુષ્પ આ, ધરો કર્ણ મોઝાર"

અતિ ઉદાર દીલ તમ જોયુ રે . મનગમતા.

મહાશ્વેતા કાદમ્બરી—રાગ ભજન—

રૂપે શુ મન રાચોરે, કાયાનો રગ કાચોરે **ભગવાન ભજો.** (૨)
હાડમાસને રૂધિર ભરેલુ, મઢયુ ચામડે અગ, (૨)
ગદા દેહનો ગર્વ નકામો, કાયાનો રગ પતગ,
ભરૂસો નહીં સાચોરે કાયાનો રગ કાચોરે, ભગવાન ભજો—

મહાશ્વેતા કાદમ્બરી —૦—

શુ કહુ કથની મ્હારી રાજ, શુ કહુ કથની મ્હારી.
હુ તો દૈવના ત્રાસે હારી રાજ. . . . . શુ કહુ.
પરખી **પારીજાતિક** મે, અર્પણ કીધુ મન મ્હારૂ,
પતી તજી પરલોક સિધાવ્યા, કરી જીવતર મમ ખારૂં રાજ—શુ કહુ.
ચંદન કાષ્ટની ચિતા રચાવી, પતિ સહગમનની આશે,
શુન્ય દેહ મમ સ્વામી તણો પણ, ઉડી ગયો **આકાશે** રાજ—શુ કહુ.
અરપ્યુ મે સર્વસ સ્વામીને, પ્રેમની કહ્નની ધારી,
તજી જગત જજાળ સર્વ હુ, પ્રીતે ભજુ ત્રીપુરારી—શુ કહુ.

રાજા જશવન્તસિહ —રાગ. કવ્વાલી—

અમર આત્મા અમારો છે. **મરણ દરકાર શા માટે !**
મરી જાણે જો જન્મીને, જીવન દરકાર શા માટે!
જગતમા પ્રાણી કે મરતા મરીને જન્મતા પાછા,

બધાં ઘટમાળમાં ફરતા, પછી તકરાર શા માટે!
ચૂક્યો જે લક્ષ જીવનનુ ગયો તે જીંદગી હારી.
જીવ્યો તે ના જીવ્યો જગમા, જીવનનો ભાર શા માટે.

વીર કેશરી —રાગ. ગઝલ—

ખરા તે **હીંદના સંતાન** લડે જે હિંદને કાજે,
લડે જે હિંદને કાજે, મરે જે હિંદને કાજે.
ડુબાતો **દેશને** દેખી, ચડે વા'રે ઉમંગેથી
પ્રભુ કે બાદશાહોથી, જુઝે જે હીંદને કાજે,
ન મોહે માયા મહોબ્બતમા, ન લોભે માલ દોલતમા,
જીવન જર પ્રાણ સૌ પલમા, તજે જે હીંદને કાજે,
યતો ધર્મ સ્તતો જય છે, કરો યાહોમ શો ભય છે,
અમર તે થાય છે નિશ્ચયે, મરે જે હીદને કાજે,

માલતી–માધવ. —૦—

નાનકડી નાજુક નાર, બહુ નાનકડી, બહુ નાનકડી.
મારા લાલાની છુ લાડકડી (૨) છુ લાડકડી (૩)
આખ તણે મટકે પટકુ છુ લાલને–
નાની શુ સમજે વ્હાલાના વ્હાલને (હું તો બધુ એ સમજુછુ)
જાણી ભોળો ભરથાર, તુ બહુ માથે ચડી (૩) નાનકડી.

રાજા જશવન્તસિંહ —રાગ ભજન—

મારા ભવની ભાવટ ભાગીરે **જોગીડા જુના—**
લગની તુજ નામની લાગીરે જોગીડા જુના—
વચનો ભેદ ભર્યાં ભેદૂનાં, હૈયા તુજવીણુ સુના—
આ કામણગારી નારીએ શુ કામણ મુજને કીધુ ?

તનુ દઇને મનડું લીધું રે પણ દુઃખ વિયોગનું દીધું—
નીશદીન સાથ રહું સમજુના ... મારા ભવની—

બિલ્વમંગળ ઉર્ફે સુરદાસ. —૦—

દાસ પરે દયા લાવોરે, દયાળુ દેવા, દાસ પરે, દયા **લાવો**-ટેક,
સંસારે સંબંધ ત્રોડી જીવ આપ ચરણે જોડી,
હું તો બની બેઠો, **આવો આવોરે**—દયાળુ
આંખો વિના સંકટ આવું, ખાડામા ગોથા ખાઉં,
વા'રે અવિનાશી **આવો આવોરે**—દયાળુ

મહાશ્વેતા કાદમ્બરી —રાગ. ભજન—

રામ ભજ તું પ્રાણીયા તારા ભવની ભાવટ ભાગશે (૨)
(**"બોલો રામ સીતા રામ"**) પંખીડા જો તું વિચારી
કર્મ તારા લે સંભારી. વાસના નઠારી તુને રૈવ રૈન નર્કે નાખશે-રામ.
મૂઢ તે મતિ વિગારી, મતિ તેવી ગતિ તારી,
ઉડજે સંભાળી તારી કાયા તારી કંચનની થશે-રામ

ઉદયભાણુ —:૦:—

મન માયાના કરનારારે, જરી જોને **તપાસી તારી કાયા**,
પુછી જોને તું પંડીત પુરાણારે, કોના અમર છે લેખ લખાણા
કાચી છે કાયા આ માટીની માયા, છે માટીના ખેલ બનાયા,
શાણા તો સમજી અલગ થયા, પણ બાલક બીચારા લપટાયા
લાખોની પાખો ગઇ છે પોંખાઇ, જેણે મૂછપર **લીંબુ** ઠરાયા;
કાળના કો'વાડેથી કોણ બચ્યુ છે, ભલે રંક કે હોય મહારાયા,
સંધ્યાના જેવા રંગ સોનેરી, વ'ચાને લાડ લડાયા,
જોમનને તન ધન તેવા સમજવા, **પાણીમાંના પડછાયા.**

બિલ્વમંગળ ઉર્ફે સુરદાસ.

આ તારા વચનો સારા, સ્નેહ સાભળતા
શાન્તિ પામ્યુ મન મારૂ રે આજે—આ
જગની જજાળમાથી બળતો બચાવ્યોજી,
ધન્ય ગુરૂ ચીન્તામણી, ધારૂં રે આજે!
ભકિત ભગવાન કેરી કરતા હમેશાજી.
થવાનુ ત્વરાએ શુભ તારૂ રે શાણુ–આ તારા,

વિણાવેલી. —(૦)—

અરે શુ માનવનો અભિમાન, પલકમા ટળી જશેરે,
ખરે જેમ પીપળ ઉપર પાન–પલકમા ખરી જશેરે
પલકમા ખરી જશેરે–માટીમા મળી જશેરે—અરે૦
ઘડી જીવતરમા ઘડી એક સુખની ના .રે નથી,
મૂઢ મમતમા તોયે મરતા આ અ . રે મથી.
પામર નર નાદાન. અરે શું.

સાખી { કાયા કલેવર કારમુ, છે ગદકીનો ઘાડવો,
સમજુ જને સમજી જઇ, અભિમાનને વણસાડવો

સાખી { અભિમાન ફ્ણિધરને નહિ દુધ પાઇને પેધાડવો,
રાવણ સરિખા રાજવીએ લીધો નથી કઇ લાડવો

વીણાવેલી —·૦—

કાયા કાચો કુભ છે, જીવ મુસાફર પાસ,
તારો ત્યા લગી જાણજે, જ્યા લગી શ્વાસોશ્વાસ,
સદા સસારમા સુખ દુખ સરખા માની લઇએ,
રાખે જેવી રીતે રામા, રમે તેવી રીતે રહીએ—સદા.

સાખી { પીંપળ પાન ખરતા હસતી કુપળીઆ
મુજ વીતી તુજ વીતશે, ધીરી બાપુડીઆ.

દશાના ઢગ રૂતુના રંગ જેવા દેખી લઇએ—સદા

સાખી { કદી મેહલો ને માળીઆ, કોમળ છપ્પર ખાટ,
કોઇ દીન એવો આવશે, ભુખ્યે ન મળશે ભાત—સદા.

વિરવિજય —રાગ-ગઝલ—

તમોને જો તમારાથી, તમારો દેશ પ્યારો છે.
ન તજશો ધર્મ નિતી તો, **વિજય અંતે થનારો છે!**
હશે જો સપ ને સમતા, વળી કર્તવ્યને હિમ્મત,
તમારા ભાગ્યના આખર, ચમકવાનો સિતારો છે!
જશે એ રાત અંધારી, ચમકતા શૌર્યનો ભાનૂ
ઝુકો યાહોમ કરી રણમાં, વિજય ડંકો તમારો છે!

અરૂણોદય —૦—

તમે જો જો ન વાયદા વીતાવજો
પીયુ પહેલી **પેસેંજરમા આવજો;**
હાર તોરાથી સ્વાગત્ શોભાવજોરે—પીયુ.
સિલ્કની કીનાર કોઇક વાયલ આછેરા,
કોઇક નવા નાટકના અચ્છા ઓપેરા.
થોડા હેન્ડબીલ હેરઓઇલના લાવજોરે—પીયુ
એક હારમોન્યમ પેરીસનું લાવજોરે,
આવવાનો તાર મને આગળથી આપજોરે,
તમે સામા સ્ટેશન પર સીધાવજો—પીયુ.

લીલાવતી —૦—

અરજી સાભળોને સરકાર મુજને ગાઠતી નથી ઘરનાર (એ ટેક).
અગીઆર વાગે ઉંઘમાથી ઉઠી, તરત તડકે જાય,
દાતણ કર્યા વિના **મોગરીને મુળા** ખોળામા લઇને ખાય—અ.
વાકુ ચુકુ બોલી વઢવુ ને રડવુ, ફુઆડ રાડને રોજ,
ઘરમાથી ગોળ ઘી ચોરી ખાવાની, ખોટી પડી છે ખોજ —અ.
પાડા પાડોશીને ડોશી ડોસાથી, લડી ચુકી લાખવાર,
પોતાના બાળકને નિત્ય બઝુડે, મારે મને પણ માર—અ
રાખના ઢગલામા ફેરા પડયા જેવુ, રાડના મોઢાનુ રૂપ
ભુત ભડકામણી ભારે કુભારજા, ભડકી મરૂ છુ રે ભૂપ —અ
મુગરીના માળા સરખુ છે માથુ, વેત વેત લાબા વાળ,
ખણતા જુવોના ટોકળા ખેરવે, પરસેવાની પડનાળ—અ.
હોળી દીવાળીએ ન્હાવાનો નેમ છે, વડી ચતુર છે વહુ,
અગે ઓઘરાળાને લુગડામા લીખો, **મારવાડ કેરી મઉ.**—અ.

વીરકુણાલ —૦:—

હુ ખાપરો તુ કોડીઓ જોડી વીંછીને સાપની
મીઠા ડોસીને પૂછયુ છે? **બુદ્ધિ કોઇના બાપની?**
કાયદો પુછી શકે નહિ એવી વિદ્યા આપણી,
કાયદેથી બોલી ફરવુ છે બુદ્ધિ કોઇના બાપની?
માથાઓ મુડી મૂર્ખના પહેરાવવી ટોપી માપની,
કહેવુ અમે શુ જાણીયે છે બુદ્ધિ કોઇના બાપની?
પોડેલો સહુ સસાર અહીં પરવા કરો ના પાપની,
શ્રીકૃષ્ણ ગીતામાં કહી ગયા છે બુદ્ધિ કોઇના બાપની,

સંગીત લીલાવતી —:૦·

લાજ છોડી છેક તે છકેલ છોકરા, બાપની તેં આબરૂના કાકરા કર્યાં.
આવી છે દીવાળી હોળી હૈયામાં બળે, જઉં છુ વહુને
તેડવા પણ દાંડા શા વળે. લા.
સે—સાસરામા જાણે છે જમાઇનિ સહુ, માટે નહિ મોકલે વેવાઇ તો વહુ. લા.
સ—કરવાને વીવેક લોક લાજથી જવુ . . . .
જો—ગાડી જોડી લાવ્યો ખોટી ક્યા સુધી થવુ

પૃથવી પુત્ર. —(:૦)—

માળ **મોતીડાની** મોઘી મગાવજો,
કથ કોડીલા **કંઠે** પહેરાવજો.
ચોળી **કુસુંબી** રગે રગાવજો,
સાડી સુદર શરીરે સોહાવજો.
હોસિલા **હીરાની** બગડી બનાવજો
કોમળ કર **કુંદનને** કકણે દીપાવજો,
હાર **હીરા** **માણેકે** મઢાવજો—માળ
નીત્ય મીષ્ટ ભોજનોયા ભાવે જમાડજો,
આછા આછા ફુલડાની વેણી ગુથાવજો
સદન વિજળીની જ્યોતે સોહાવજો,
મીઠાં જોબનનાં જાંબુખવરાવજો.—માળ

ભરથરી —રાગ. સીંચાનો કનારો—

તરુણી તુજથી નથીરે જુદાઇ શશીવદની સુખ પામુ હુ આહી,
વદન મનોહર તારૂ લલિના, સૌરભ અગ જઘન સુખદાઇ—તારૂણી.
ભ્રકુટી વિક્રમ સ્મિત અતિ વિભ્રમ, નિરખી પ્રિયા ભૂલુ સરવેરે કાંઇ,
ત્રણસોને સાઠ ત્યાગી તુજનેરે ચાહુ, તુજવિણ મુજ ક્ષણ કલ્પ સમજાઇ

અલીરાજા —:૦:—

આનંદ મંગળ ગાઓ પરણાવી લેશુ લ્હાવો,
મારી વેવણ **રસીલી** જોડી શોભશે
નિરખી કન્યા કહેશો, મુખ જોઇ તાદી રહેશો–મારી
વાહ ઠીક મળ્યુ છે ટાણુ, એક ધોળુ ને બીજુ કાળુ,
મળી વેવાઇને વેવાણ, ફેરા ફેરવોને ઝટ–આનંદ.
ફડાકિયા તમે જોશો, **હોળીને ઢહાડે રોશો;**
કેવી જાન જોડી હુ આવુ, દુનિયામા ડંકો વાગશે–આનંદ
તડાકીયા કહુ તમને, અતિ ઉમેદ મનમા અમને,
વાજા વગડાવુ જો જો, ફરશુરામનો ફડાકો–આનંદ

વીર કેશરી —૦—

આપ પાપડવાડીમા પધારજો **લ્હેરીલાલ,**
મદીરની સામે મકાન છે, નીચે દેશી દારૂની દુકાન છે
રંગરંગીલા ચાલ મારી પાડોસમા **તુલસી કયારાનુ નિશાન છે!**
છજામા! તુલસીના ઝાડનુ નિશાન છે–લ્હેરીલાલ
અખંડ ને અભંગ આજ સાંજ પહેલા પધારજો.
હડતાવાળાનું તોફાન છે, જ્યા હડતાળવાળાનુ તોફાન છે–લ્હેરીલાલ.
જોખમ ભરેલુ. કામ પુરી પચાત છે, ધાસ્તી છે! આફતમા
જાન છે, મારા બાપ ધાસ્તી છે–લ્હેરીલાલ.

બિલ્વમંગળ ઉર્ફે સુરદાસ–રાગ. ભજન–

વિષય વાત મમ તાત તજીને, કૃષ્ણ **ભજન તું કરવા દે,**
અધમપણાને અલગ રાખી. બઝાર ભકિતના ભરવા દે,
નટવર નામનુ નામ મળ્યુ છે તો ભવસાગર તરવા દે!
નાશવંત નર નામ છોડીને. અક્ષર વરને વરવા દે–વિષય૦

મહાશ્વેતા કાદમ્બરી —:૦:—

માલીકના બાળક સો, માલીક સૌના શ્રી જગનાથ (૨)
કર્તા હતો સૃષ્ટિના સૌ બાજી એને હાથ
રૂણાનું બંધે આવી મળતું, ખાળ્યુ નવ કોઇનાથી ખળતુ
જગત માત્ર તેને આધીન છે અનાથના જે નાથ
નહિ પીડ આ પોના તણો, પોતાનુ કાઇ ના જાણવુ
સોએ શુભાશુભ કર્મને પોતા તણુજ પ્રમાણવુ-જગત,

બોલતો કાગળ. —:૦:—

રંગી, આ દૂન્યા નારંગીએ, રંગી, તે રંગી બેરંગી, દૂન્યાદોરંગી .રંગી.
સાગર પાણી શીતળમા, વડવાનળ તેના તળમા, આગને પાણી બન્યા સંગી
આ આજે અંગી મનાતા, કાલે ભુજંગી થાતા
કોણ ભુજંગી કોણ અંગી...રંગી...
વાયુ જે દીપક ઠારે, આગને એજ વધારે,
પ્રભુની પ્રભુતા દોરંગી રંગી આ દૂનીયા

(મુંબઇની ઈમીટેશન શેઠાણી !) રાગ-ગઝલ.—

તમે મુબઈ વિષે આવ્યા, નિહાળી સર્વ હરખાયા
છતા સાહેબ ઓ મ્હારા ! જુઓ મુબઈની શેઠાણી !
અહા! મુબઇની **અલબેલી**! છકેલી કંઇક **સુધરેલી**,
લટકતી લાજને મેલી, જુઓ મુબઇની શેઠાણી !
ફરે છે કંથ ઉઘરાણી, લખે નામુ નયન તાણી,
છતા કહેવાય "શેઠાણી" જુઓ મુબઇની શેઠાણી !
પતિ પરદેશમા આવે, પ્રિયાને પાસ તેડાવે,
પછી વહુ પાખ ફફડાવે, જુવો મુબઇની શેઠાણી !

સ્વદેશી કામ સૌ કરતી, ખુશીથી ખાંડતી દળતી;
હવે રામા વિના રડતી જુઓ મુબઈની શેઠાણી ?
ઘરે સસરો અને સાસુ ખરચ વિણુ ખેરવે આસુ
જમે વહુ મિષ્ટ ફરમાસુ જુઓ મુબઇની શેઠાણી ?
કુવેથી ખેંચતી પાણી, નણંદની સાથને ભાણી
હવે થઇ રાયની રાણી જુઓ મુબઇની શેઠાણી ?
ઘણી મુબઈ તણી નારી બતાવે ઠાઠ બસ ભારી
ભલે વર થાય ભીખારી, જુઓ મુબઇની શેઠાણી ?
બને મુબઇની શેઠાણી કરે પઈસા તણુ પાણી
રળે વર ટાંટીઆ તાણી, જુઓ મુબઇની શેઠાણી ?
પતિ શીતેર લાવે છે, સકળ પત્ની ઉડાવે છે,
છતા દેવું કરાવે છે, જુઓ મુબઇની શેઠાણી ?
વસાવે નવનવી સાડી, ફુલેલી ફેન્સી ચોળી;
ખરીદે બુટની જોડી જુઓ મુબઇની શેઠાણી ?
સુવાસિન તેલને અતર, રૂમાલો રાખતી સતર;
ગણે છે કોણુ ત્યા ગણુતર! જુઓ મુબઇની શેઠાણી ?
કબાટો કે ત્રીજોરી ના-છતા દશબાર ચાનીના,
રૂપાના રાખતી ઝુડા, જુઓ મુબઇની શેઠાણી ?
જશે નાટક તમાસામા અગર સરકસ-સિનેમામાં;
ગણે મ્હોટાઈ બપકામા જુઓ મુબઇની શેઠાણી ?
સદા નરવી રહે નાડી, જતાં કઇ જોઇશે ગાડી,
જશે લટકો કરી લાડી, જુઓ મુબઇની શેઠાણી ?

કરે ઘરકામ સૌ ઘાટી,,—પદમણી પાલવે જાતી,
અહા? હોસે હવા ખાતી, જુઓ મુમ્બઇની શેઠાણું
નથી નારી સકળ એવી, **સતી** કંઈ છે **સીતા** જેવી,
દયા સૌભાગ્યની દેવી, અસલ છે એજ શેઠાણું
નકલ કરનાર શેઠાણી? સુણી ના કોપશે વાણી,
હશે પરમાર્થિ ને શાણી, ખરી મુબઇની શેઠાણું
અપંગો પર દયા આણી, દુખીના દર્દને જાણી,
મદદ દેતા ન અચકાણી! અહાહા! એજ શેઠાણું
સ્થિતિસ્વામી તણીજાણી, વીના "**ઘાટી**" ન ગભરાણી,
શિયળવંતી વિનયવાળી, ગુણી ગૃહરાજ્યની રાણી
("રા મણીકાન્ત"ની કાવ્યમાળામાથી)

નાટક-દીવાન— —○—

લુટો લગનનો લાવો **લાડીજી**, મોહન મળ્યા મતવાલા (
જોડી મઝાની જામી **સાહેલી**, ભેટયા **વહાલી ને વહાલા** (
સ્વતંત્રતા ચા પહેલા નમુના, દાખવલા દુનીઆવા (
આતા કસાચી ખામી નરાલી, પુરા **લગનહી** ઝાલા (
મેના મરાઠણ **કેશવજી** બ્રાહ્મણ, એકતાર માંડયા ચાવા (૩
પાદરીજીએ પુરાણ વાચ્ય', માડચા **સુત્રારા** થાવા (
પુનર્લગ્નનો હેડા નમુનો, ન્યાગી ગીનોજી બાવા (૩

તૈયાર છે— ચતુર સુંદર ગરબાવળી.

પ્રખ્યાત ગરબાઓનો સગ્રહ ફેન્સી પુઠું. આજ લગણ બહા
પડેલી બધી ગરબાવળી કરતાં સર્વોત્તમ કીમત દશ આના.
મળવાનું ઠેકાણું—શા. ચુનીલાલ મગનલાલ બુકસેલર.
રાણીતળાવ—સુરત

એક નકલનો નમુનો

विश्वंभरनी विश्वलीला.



આ ચિત્રની એક વિદ્યાર્થીએ કરેલી નકલનો નમુનો

અમારી આ લોકપ્રીય બુકની પહેલી આવૃતી વખતનું લોકપ્રીય દર્શણીક ચીત્ર.

હિંદદેવી



બીજી અને ત્રીજી આવૃતિ નું ચીત્ર મુખપૃષ્ઠ પર જુઓ.

ઘોડાજોડ. —કબીર ભજન—

તારી ધીરે ગાડી હાંકારે, મેરામણ ગાડીવાળા,
તારી મજરે ગાડી હાંકારે, મેરામણ ગાડીવાળા;
ઘોડા છુટયા જાનશે, પીછે પડી પોકાર,
દશ દરવાજા બંદ હુવા, તોભી નીકળ ગયા અસ્વાર–તારી૦
ગંગા કીનારે ઘર કરી, અને નહાવો નીરમળ નિર,
આપ્યા વિના શું પામીએ, તે કહી ગયા દાસ કબીર–તારી૦

અહલ્યાબાઈ. —:૦:—

મને એવો પરણ્યો ભાવે, બોલ્યુ સાખે લાડ લડાવે,
નોકર થઇને નમતો આવે લાગે પાય, પાય, પાય,
મનગમતા વસ્ત્રો લાવે, હીરા મોતીડા મગાવે,
પ્રેમે પ્રીતિરસ પીવડાવે, ચિતડું ચાય, ચાય, ચાય,
મીઠી બંસી હું–એ મણીધર, મધુર નાદપર ડોલે,
નયન ઇશારે થનથન નાચે, ખમા, ખમા, કહી બોલે,
નમતો જાય, જાય, જાય,
{ભલે મેઘ એ હોય શ્યામ હું વીજળી થોડી થોડી,
{કામણગારો કૃષ્ણ, ગણીને, બનુ રાધીકા ગોરી–જોડી,
{જુગતી થાય, થાય, થાય.
{ધોળે દિવસે રાત કહું તો, હાજી હા જે કરતો,
{બની દીવાનો રૂપ રંભમા પાછળ પાછળ ફરતો,
{હું'ક હોવે ધણી, તો તેવો જોઇએ, લાગે પાય, પાય, પાય.

આનંદ લહરી. —:૦:—

હું છું નખરાળી નાર, સામુ ન જોશો લગાર–હું છું
નખરાએ કંઇકને ઘાયલ કર્યા છે, મૂર્છા પામ્યા છે હજાર–હું છું.

વાકી ભમ્મર મ્હારી કામણગારી, નેણ જાણે ખંજરની ધાર—હુ ખું
સ્હામુ જોશો તો પોક મુકી રોશો, બનશો બેઅક્કલ ગમાર—હુ ખુ

મુદ્રા પ્રતાપ. —:૦.—

બહુ ધીરજના ફળ મીઠા બેન, ધીરજના ફળ મીઠા છે;
કહે ઋતુ વિણ ફળ ક્યા દીઠા, બેન ઋતુ વિણ ક્યા દીઠા છે.
તરૂવર તહા તરૂવરની છાયા, કંથ તહાં કામનીની કાયા;
જન બહુ મથન કરીને થાકે, ઉતાવળે આંબા નવ પાકે
મન કરીએ ન અજીઠા બેન—ધીરજ.

અહલ્યાબાઈ —:૦ —

પીટયા મરજો મા ને બાપ જોડયું કજોડલું રે
મુવા મોટા ધરમા આપ જોડયુ કજોડલુ રે
રગ ન જોયા ઢગ ન જોયા જોયુ ન રૂપ કરૂપ
કાળમોંઢને આપી કપુરી કરમે લખીગો કુપ
મને વળગાડયુ એ પાપ—જોડયુ કજોડલુ રે
મુકયો કાળજડા પર કાપ—જોડયુ કજોડલુ રે

માલતી માધવ —:૦ —

લ્યો સુદરી **સુમનની માળા**, જઇ કહેજો પ્રણામ હમારા,
માળા નહિ પણ **વરમાળા**, સુદર વર ઓ શરમાળા
મુખ દર્શનથી મન ચોરી (૨) ચિત હરી ગઇ બાળ ચકોરી,
તમે કિશોર એ **નવલ કિશોરી**, મટકે મોહ્યા મટકાળા.. લ્યો.

સાગર સરીતા. —·૦:—

કુવારૂ રહેવુજ ઘાગુજ સારૂ બળ્યુ પરણવાનુ, કાકાજી બળ્યુ પરણવાનું,
સારો ધણી જો નહીં મળે તો જુગ જુગ રડવાનુ;
કાકાજી જુગ જુગ રડવાનું.

પ્રેમથી રમાડું તને વ્હાલી હમેશા, ખાલી તું શીદ અકળાય;
એ વ્હાલી ખાલી તું શીદ અકળાય;
ભાણીયા દીકરા મુંગો મરી રહે, નહીં તો ફજેતો થાય,
એ કાકા તમારૂં નખ્ખોદ જાય.
મેનાં તું ક્યારે હવે મારી થાય . ..નહીં તો .. ..કુવારૂં૦

અરૂણોદય. —રાગ–ગઝલ–કવ્વાલી.

વ્હાલા કહું વહેવારની, બે વાત આ અમૂલ છે,
અભીમાનથી ન સાંભળો તો, આ તમારી ભૂલ છે !
મન માન્યું મળતું નથી, કોઇને બધુંય સંસારમાં,
ખામીમાં ખામી ખોળવી, એ તો તમારી ભૂલ છે.
કાળા છીએ રંગે અમે પણ, કાળજા કાળા નથી,
તેનીય કીંમત ના કરો તો, આ તમારી ભૂલ છે.
છોડી અમે શ્રી રામને, જપીએ તમારા નામને,
તોએ ન રાખો નેડલો, તો જીવતર અમારૂ ધુળ છે.
મીઠા અમી આપો નહીં, તો ચાહ એ શા કામનો,
ચા' પાઇ બાળો કાળજા, એ તો તમારી ભૂલ છે.

માલતી માધવ. —:૦—

બાળી મારા ડાહ્યા ડમરાં, શા માટે શરમાવો, તમે શા માટે રીસાવો,
એ નાની નણદલ આવો .. આ કોણ ?. . . .તારો પ્રાણ ?
હવે શા માટે શરમાવો (૨) .....એ .. ..

વીર કુણાલ. —:૦—

હું મદમાતી, ભુલામણીને નામે પંકાતી,
કોઈ લ્હેરી જોઇ લજવાતી, હું લચક છબી લેખાતી

ભર જોબનમાં ઝોલા ખાતી, દેવદર્શને જાતી,
ગૌરખી કંકની અંતરફળીઓ, પીલીને કરમાતી, રથથી છલકે મુખ છાતી.

ભોકજ ભુલ. —:૦:—

મને ભોળીને ભરમાવીરે મા, કેમ કરૂં !
અણસમજુને ફોસલાવીરે મા, કેમ કરૂં !
મારી પાસે પાસે આવે, છાની વાતો સંભળાવે,
મારૂં દીલ લલચાવે, પેલો ગરજી,
પ્યારી કહીને બોલાવે, એની પાસે કેમ ફાવે,
એ તો સાંભળે ન એક, મારી અરજી,
છાતી–મા–તો અરરરરરરર અરરરરરરરર થાયરે મા કેમ કરૂં–મને.
એના મોઢાથી મીઠાશ એ તો જાણે નાગપાશ,
પછી હોવ કે ન હોય મારી મરજી
કરે પરાણે એ પ્રીત, એતે ક્યાની હશે રીત ?
થઈ બેશે ધરાર મારો વરજી ?

છત્રવિજય —(૦)—

આશીષ બાપુ આપો, અહીઆથી વળો માપો,
મારા રાજા ચાલાકી આનું નામ છે.—
તાલ કેવો કીધો ? ભગલા ડગો તે દીધો,
આ સિંહ તણો ચાલાકીથી શીકાર પડાવી લીધો.—મારા૦
ભોમ લાગ્યા મારા, મે ભગલાને ઘરમા ઘાલ્યો.
ગોટાળો ગંભીર કર્યો, ને બુલબુલ આ લઇ ચાલ્યો.
(વાહરે મારા બહુલા–લટકાળા લહેરી લાલા)
કેશર શીદ કરો છો ચાળા ? તમને લઇ જાય મોટરવાળા—મારા૦

સુર્ય કુમારી. —(૦)—

સોહામણી સ્વર્ગની વાટ, એક દીન શોહાવજો હોરાજ,
રસિલા અમરાપુરીના ઘાટ, એક દીન સોહાવજો હોરાજ.
મૃત્યુ લોકના મનુષ્ય ક્યાં ક્યાં અમરાપુરી ઘાટ,
અઘટીત–કહો એ કેમ બને, વસમી વીકટ એ વાટ.
મુગટમણી તમે રાજસદનના, પારીજાત તમે નંદનવનના;
રાજવંશી દેવાંશી રસીકવર, પ્રિતજ્યોત પ્રકટાવી પરસ્પર.
મેળવવા અંતરમા અંતર, સ્વર્ગ અમારું સોહાવજો હોરાજ,

રાજા શંભાજી. —(૦)—

રાજા તારા ડુંગરીઆ પર, બોલે ઝીણા મોર,
મોર જો બોલે પપૈયા બોલે, કોયલ કરેરે કલશોર (૨)–રાજા.
આઝમ રાત વીજલડી ચમકે, છાઇ ઘટા શી ઘનઘોર (૩)–રાજા.
સાખી { કોકિલ કલરવ તુ કરી, બળતીને નવ બાળ,
{ હુ સુતી પિયુ વિરહમાં, હૈડે ઉડે ઝાળ.
બાઇ"મીરાં" કહે પ્રભુ ગીરધરનાગર, તું મારા ચિતડાનો ચોર–રાજા.

અશ્રુમતી. —રાગ—ગરબો—

શુ નટવર વસંત થેઇ થેઇ નાચી રહ્યો,
નાચી રહયો જગ નચાવી રહયો—શુ૦
સાખી { કોયલ મધુર મોરલી બની, છેડે નટવર ફુલેન્દ્ર
{ વિરહ ઘેલી ગોપી બણું, તજી નિકળી અભિમાન.
રસિઆ વિનાની બની બાળા ઓ બ્હાવરી,
વેણું વસંત ચિત્ત વિંધી ગયો–શુ૦
સાખી { શીતળ સુખકર પવનની લ્હેર ઘુમે ચોપાસ,
{ જોણું રાધા કૃષ્ણજી, રાસ રમે છે ખાસ.

વિધ વિધ પંખીના વેણુ, ઘુઘરી ઘમકેરે,
મહિ મહિ મેનાના નાદ, ઝાંઝર ઝમકેરે,
સાખી { નવપલ્લવ વાધો ધ્વરી પચરંગી શીર પાઘ,
ફાગ લાગ સાધી રમે, મદનરાજ મહાભાગ્ય,
લ્હેરી લાલાથી રમે લલનાઓ લાડમા,
પ્રીતિ ગુલાલ લાલ છાઇ ગયો–શુ૦

બલીરાજા. —(૦)—

છોને કહેતા છકેલી, રંગીલા મને છોને કહેતા છકેલી,
હું તો જોબનમાં ઘેલી બનેલી—રંગીલા મને૦
બાગબગીચાની સહેલ બહુ સુદર, જાણે શુ ઘરમા ગોંધેલી,
બદામી હલવોને ધારી જલેબી, તાજી તાજી ખાઉં પહેલી–રંગીલા
સાટીનની સાડીઓ કસબી ભરેલી કોર, સ્વપ્ને નહિ કોઇએ દીઠેલી,
પોલકાને ચોળીઓનો પાર નહિ મારે લટકેથી લુટી લાવેલી–રંગીલા.
નવસેરા હાર સાચા મોતીના સુદર, **બંગડીઓ** માણેક મઢેલી,
લુમખાને ઝુમણા લાડવાઇ પહેરતી, વિદ્યા હુ પાકી ભણેલી–રંગીલા.

કુસવધ —૦—

કાનુડા તારી કામણગારી, વ્રજમા વાસલડી વાગી,
મીઠી ને વળી મોહક, મન વશ કરનારી—વ્રજમા.
મન વશ કરનારી, સ્વર સુણતા લાગે સુખકારી,
હુ ઘેલી, (૨) તમ વિણુ થઇ છુ ગિરધારી—વ્રજમા

અરૂણોદય. —આબાદીનો ઉપાય—

ચાહો જો ભારતના સતાન, જગતમા ભારત આબાદી,
—તમે અંગે ધરો ખાદી.
દેશ ઉદયની તજો નિરાશા, હવે બનો આશાવાદી,

વિદેશીનાં તમે મોહ તજ્યા નહીં, કરી દેશની બરબાદી,
કલંક કાળા દુર કરો એ, પાવન કર પહેરો ખાદી.
"આ દેશ ભારત વર્ષ છે, જ્યાં પ્રથમ અરૂણોદય થયો,"
"અસ્તાચળે તમ ભાગ્યનો ભાનુ અરે આજે ગયો."
"પ્રાચીનકળા મંદીર તમારૂં, તેજહીણુ દેખાય છે,"
"કારણુ તણારી સંપતિ, પરદેસમાં વહી જાય છે."
લોકમાન્યના વીર વ્રતની, કંઈ ધરો ઉરમાં યાદી,-તમે અંગે.

સુરદાસ. —રાગ ભજન—પદ

નાથ કેસે ગજકો બંધ છુડાયો, પ્રભુ એહી અચરજ મોહે આયો—ના.
ગજ ઓરગ્રાહ લડત જલ ભીતર, લડત લડત ગજ હાર્યો,
જવભર શુદ્ધ રહી જલ ઉપર, તબ હરી નામ પુકાર્યો—ના.
સવરીકે ઓર સુદામાકે તાદુલ, રૂચી રૂચી ભોગ લગાયો,
દુર્યોધનકો મેવો ત્યાગી, ભાજી વિદુર ઘર પાયો—ના.
પેઠ પાતાળ કાળી નાગ નાથ્યો, ફ્ણપર નૃત્ય કરાયો,
ગીરી ગોવરધ્ધન કરપર ધારી, નંદ ઘર લાલ કહાયો-ના
અગાસુર માર્યો, બગાસુર માર્યો, દાવાનળ પાન કરાયો,
સ્થંભ ફોડકર હિરનાકંસ માર્યો, નરસંગ નામ ધરાયો—ના.
અજમેલ ગજ ગુનકા તારી, દ્રોપદીકો ચિર પુરાયો,
પયપાન કરતા પુતના મારી, કુબ્જાકો રૂપ બનાયો—ના.
ખોલ કોટડી પ્યાદલ ધાયો, ગરૂડકો નહિ બોલાયો,
છુટો નહી રાધાજીકો કંગન, ઓ બલ કહારે ગુમાયો—ના.
જોગી જીનકો ધ્યાન ધરત હે, ધ્યાન ધરત નહીં આયો,
"સુરદાસ" પ્રભુ તિહાંરે મીલનકુ, જશોદાકી ધેન ચરાયો—ના.

શ્રી ભોજાભગત કૃત. **—ચાબખો રાગ ભજન—**

મુરખે નાર કુભારજા આણી, એનુ ઘર કર્યું ધુળધાણી —(ટેક)
પાચ મણની લાપસી ભરડી, મણની મુજી ધાણી,
ઘીના ધાડવા ઘોળી નાખ્યા, દુધમાં નાખ્યુ પાણી—મુરખે.
વાર પરવે વહવાડ કરેને, કલેશ કરે જાણી જાણી,
છોકરાને માથે છણકા કરેને, ચૂટીઓ લે તાણી તાણી—મુરખે.
ખરે બપોરે રસોઇ નીપજાવેને, રાતે જાતે પાણી,
છોકરાને મારી મારી સુવાડે, ઓલાવા રાત જાણી—મુરખે.
ટાઢુ શીળુ કથ આગળ ઝાસે, મરે જ્યારે ભૂત તાણી,
સાજ પડે ઘેર ભટકીને આવી, ઉપર જાતા રીશાણી—મુરખે.
પટીયા પાડી આખ આજી આડડે, સાસરે પીયર ન સમાણી,
"ભોજો ભગત" કહે ગુરૂ પ્રતાપે, ઉતરેલ નાર શીદ આણી—મુરખે.

કેનકતારા. — ૦ —

મય તો મારવાડકો બનીયોરે—બમ્બઇ શહરકો આયો
મારવાડસે નિકલ્યો જમ તો પાઉમે નહીં થો જુતો,
ઘાસલેટ (લે—ઘાસલેટ) કી ફેરી ફરીને પાજરાપોળમા સુતો.—મ.
બ્યાજ બટાકો ધધો કરીને પૈસા પાચ કમાયો
આધી આધી જમે કરીને લાડીજીકો લાયો —મય તો
લાડીજીકો મુખડો ધોલો, મોરે મનકો ભાયો,
લટક મટક કર ચાવી જાણે, મોરો જી લલચાયો—મયતો.
(અયે ! રામ રામ જીયો ભાઇ ગગારામ દીયા દાન છુટે આમ
—તાંબા દાન—પીતળ દાન.)—મય તો

વીર કુણાલ **—રાગ-ગઝલ—**

સમય જો હોય સારો તો, સકળ સંસાર સારો છે,
સમય સારો સિધાવ્યો ત્યા નહીં સસાર તારો છે

સમય પર જે મહારાજા, સમય પર તે ધરે ભગવા,
સમય પર ખાય તે ધક્કા, સમયનો રંગ ન્યારો છે.
ચડે વાદળ ચડે ભસ્તી, ચડે જોબન વધે લક્ષ્મી,
ઘડીમા તે પડી જાતાં, સમયનો રગ ન્યારો છે
સમય સારે ન સારૂ જે, કહે તે સહુ ગમારો છે,
અભાગી ખાય તે ખત્તા, સમયનો રંગ ન્યારો છે

પૃથ્વીપુત્ર —:૦:—

નવીન પ્રેમરસભીની મૃગનયની ભાન તુ કયાં ભૂલી આવી,
શાણી સલુણી મદન મદમીણી કોણે તને ભરમાવી બ્હેન-ભાન.
સરવર તટપર જલક્રીડાએ સહજ સખી એ તો આવી,
ચપક છાયે ઉભી રહી એને ભોગીએ ભરમાવી.
અરસપરસ અમ આખ મળી મને લોચનીએ લલચાવી-બેન.
માર્ગે જતા મળ્યો મધુકર નિકટ ગઇ અણુજાણી.
મદભર રસીકા રસ લૂટતા રસ ઘેન મહીં ઘેરાણી,
મનગમતાની મોજ મજામા ફુલ વેણી વીખરાણી-બેન.

છત્ર વિજય —૦:—

અલી નયન બાણુ કયા વાગ્યા ?
મનના મુગ્ધ ભાવ કયા જાગ્યા ? સાચું બોલ બોલ બોલ.
કોણુ રસિકવર મળ્યા પરસ્પર કયા હૃદયે અનુરાગ્યા ?
લોચનીઆં મદઘેરા તલસે અધર સુધારસ તરસ્યા,
વસીકરણુ કોણે કીધા આ, વ્હાલ કહે કયા વસ્યા ?-સાચુ.
લાલ કોણુ ને લગની શાની, હજી હું બાળ કુંવારી,
ચાલાકી મુકી દો ચતુરા, જાણી ઠગાઇ તમારી.

સત્ય પ્રકાશ —:૦:—

બાઈ હુ તો પરણી તોય કુવારી,
મને મળ્યો વૃદ્ધ ભરથાર, મારો એળે ગયો અવતાર—બાઇ.
સાસુ સતાવે નણંદ ડરાવે મ્હેણા સહુ સભળાવે.
કજોડલાની કહાણી કહી મને પાડોશણ શરમાવે—બાઇ.
કુવે તળાવે પાણી જાઉ ત્યા લોકો પાછળ આવે,
"નવી કાકી કયાં ચાલ્યાં" કહીને, પીટયા મને બોલાવે—બાઇ.

ભિષ્મ પીતામહ —:૦:—

જખમના દરદો જખમી જાણેરે, વિણુ જખમી શુ જાણે
મરદના ઘા તો મરદ વખાણે, કાયર શુ જાણે
એ બાઇજી .. કાયર શું જાણે;
આમ્ર સ્વાદમા કોકીલ માણે મૈના દાડમ દાણે,
હરખી હરખી હંસ કમળના કોમળ તતુ તાણેરે,
બગલા શું જાણે એ બાઇજી . જ૦
પતિ પત્ની માણે રતીરશમા કામદેવને બાણે,
શુ સમજે તે જોગી જન્મના, જે જગ મીથ્યા જાણેરે,
જાણે તે જાણે .. .. એ બાઈજી .જ.

વૈરાટપર્વ **રાગ—ભજન.**

કાયા માયા કોઇકી નાહીં ભાઇ, સબ કહેતે હય અપની અપની.
સત્ય જુગમે હરિશ્ચંદ્ર ભયે રાજા, સત્યકી સત્ય કહી,
એક સત્ય કે કારને ઉને કાયા બેચ દહી?
ત્રેતામે રાવણુ ભયો રાજા કંચન કોટ સહી.
એક લક્ષ પુત્ર, સવા લખ ન્નાતી, વાકો લકડી નાહીં મીલી?
પ્રાન વાયુ જબ ઉડ ગયા તનસે, માયાભી મીટ ગઈ,
ઇસ દુનીયામે વોહી નર ભુલા, જીસને કાયા અપની કહી.

સંસાર નૌકા. — ૦ —

શ્યામ ઝુલે હીંડોળા કુંજન બનમે ! કુંજન બનમે મધુ બનમે.

બતાગ્મે પુષ્પોકો, ઝુલેમે કયા ઝુલાતી હએ ?
પવનકે ઝોકોમે કયેસી સુગંધ આતી હએ ?
ચમનમેં ઝુકતે શાખે સમા દીખાતી હએ ?
મદનકો ગોદમે લેકર, એહ સબ રમાતી હએ ?
બસ ગઇ સાવરી સુરત એહ નયનમે ?

પૃથ્વી પુત્ર —**રાગ-કવ્વાલી**—

લોકો કહે છે કૃષ્ણ કર્તા, અકર્તા સાક્ષાત છે,
તો ધ્યાન દઇને સાભળો, **આ અજાયબીની વાત છે.**
ખાંડવને બાળ્યુ **અર્જુને** લંકા હતી સોના તણી.
હનુમાનજીને પુછડે, ત્યા આદર્યો ઉત્પાત છે
બાળ્યો નકામો કામને, બેભાનમા શ્રી **શંકરે;**
દારિદ્ર જગનુ બાળવા ના કોઇની તાકાત છે
આ કોલસાનો ભેદ એ, દારિદ્ર બાળો દેશનું,
જો કૃષ્ણથી એ ના બળ્યુ, **તો અજાયબીની વાત છે.**
બ્રહસ્પતિ સમ વિદ્વતામાં, વિપ્ર આ સાક્ષાત છે,
ઉલટા તણુ સુલટુ કર્યું, **એ અજાયબીની વાત છે.**

સુરદાસ કૃત. —**ભજન-રાગ-પદ**—

કેંવુ તે વાશે વહાણુ, ઘેલા પ્રાણી કેવુ તે વાશે વહાણું-(ટેક)
લાડીને લાવુ ને પુત્ર પરણાવુ, કાલની વાત ન જાણું-ઘેલા.
બળીરાજા કહે લેઉં ઈન્દ્રાસન, યજ્ઞ કીધા નવ્વાણુ-ઘેલા.
જગત જુગદીશ ના ઓળખ્યા, ક્ષણુ એક ન રહેવાણું-ઘેલા.

કાયા જુઠી માયારે જુઠી, જુઠુ તે ઘર કેરૂ નાણું-ઘેલા.
"સુરદાસ" કહે તમે હરી ભજી લ્યો, ઓચિંતુ આવશે આણું-ઘેલા.

નહ-બત્રીસી. -સત્ય શેત્ર જ?-

ગંગાજળ નિરમળ સમુ, શુદ્ધ પવિત્રજ સાર,
તેવું કુળ જો માહરું (તો) પડ પાસા પોબાર
હંસ ગયો સરોવર તીરે દીઠુ અમ્રત સાર,
પીધા વીણુ પાછો ફર્યો, (તો) પડ પાસા પોબાર.
સત્ય ચુકે જો સાધવી, ધરા ન ઝીલે ભાર,
તે ગુણુ હોયે જો મુજ મહીં (તો) પડ પાસા પોબાર.
નાગ મુખે અમૃત ઝરણુ ચોર કને ભંડાર.
કામી પાસ રહે કામની (તો) પડ પાસા પોબાર.
મીઠો આંબો સરવદા, ઉત્તમ ફળ દેનાર.
સત્ય અસત્ય ઠરે નહિ, (તો) પડ પાસા પોબાર.
વિમળ કમળ વિલોકીને, ભ્રમર ગયો તે ઠાર,
દીઠું પણુ અડકયો નહી (તો) પડ પાસા પોબાર
અહલ્યા સીતા દ્રોપદી સતી ખરી નીરધાર,
તેવું ચિત્ત જો માહરે (તો) પડ પાસા પોબાર
ભૂખ્યા આગળ જો ધરે, ઉત્તમ ભોજન સાર,
ખાધા વિણુ ઉઠે નહિ (તો) પડ પાસા પોબાર

આનંદલહરી, —(૦)—

પાધરે પંથે જા ગુમાની! પાધરે પંથે જા.
સુંદરી સામા જોઇ જાદુગરી આખતા ન કર ઘા;
રસિયાજી! આવી નાજુક વયમા અવળા લક્ષણુ આ.

છડીલા ! પાધરે પંથે જા, રસિલા ! પાધરે પંથે જા;
વાત કરૂં જરા છાતીયે ચાંપુ, કે ચુંબન આપું હા.
દંત દંખે એવા અધરામૃતની, સાફ ધસીને ના;
છોગાળા ! પાધરે પંથે જા, છબીલા! પાધરે પંથે જા.

રાજતિલક. —(૦)—

બની મુંબઇની શેઠાણી, હું મોટરમા ફરૂ,
તું પ્હેરે જો આ ખાદી, તો હું કબુલ કરૂં,
બનું પાટણની પટરાણી, રે હું મોજ કરૂં—બની.
ઘોડા ગાડીઓ મંગાઉં, વાડી બંગલા અપાઉં,
પણ ખાદી તો પહેરાઉં, તને મંજરી
સાડી ફેશનેબલ લાવો, મ્હારૂં મનડુ મનાઓ—
વળી એરોપ્લેન મગાઓ, આપી વરદી
ઉડે અદ્ધર સરરરરરરરર ફરરરર જાયરે હુ તેમા ફરૂ—બની.
પ્હેરો હોસે હોસે ખાદી, પ્યારી એમા છે આબાદી,
મળે આઝાદી ને જાય ત્હારી ઝરદી,
પૂરો મ્હારા અભિલાષ, માનો મ્હારી ફરમાશ
મ્હારૂં દીલડું બનાવી દીધું દરદી—બની.
હે-યા-મા ચરરરરરરરર અરરરરરરરર થાયરે, હું કેમ કરૂ-બની

મહાશ્વેતા કાદંબરી —.૦.—

અલી જોજે મનાતી ભોળી મેના, ભોળવશે તુજને પોપટજી મીઠું મીઠું બોલી,
અલી જોજે દેતી તું અંતર ખોલી....... ....ભોળવશે
સાખી { પ્રેમે પોપટ દાઝ દીલની દીલ મહીં સમાવશે,
{ ઋતુ વસંતે માનુનીને મદનરાજ મનાવશે.

રસ રાજની રસરેલ જ્યા રગ રગ મહીં વ્યાપી જશે,
જખ મારી મેના મારશે, પણ ખોઇ પાયે લાગશે—

પુંડલીક —:૦:—

હમણા તો નથી નવરાસ ગુરૂરાજ, અમો ઘડપણમાં ગોવીંદ ગાશું,
મરણ પછીની વાતો કરો છો મોટી, ત્યારે હમણા શુ પ્હેરવી લંગોટી;
વાત થાય છે ઉધારની તે ખોટી, કેમ શ્યામલાલ સાચુ યાર ઘડ.
હજુ બાધવા છે મારે કઇક માળા, હજુ થાવુ છે દશ વીશ મીલવાળા
ઘર તાજા કરી ફુંકવા દીવાળા–કેમ શ્યામલાલ સાચુ યાર–ઘ.
જ્યારે ચાલશે નહીં કાયા હમારી, ત્યારે સાભળીશુ કથા આ તમારી,
મળે નારી નહિ તો રહેજે બ્રહ્મચારી–કેમ શ્યામલાલ .સાચુ–યાર.

મીનળ મુંજાલ — ૦.—

હુ છુ કન્યા કુવારી મને પરણ્યાના કોડ! બ્હેન પરણ્યાના કોડ–
મને મળશે મન ગમતા રે રસીલાની જોડ,
પછી–સર્વ કોઈ કહેશે સુદરી! લાજ કાઢુ લટકેથી હુ વળી!
–હજુ નાની છુ બાઇ શાને કરતી માથાફોડ, બાઈ કરતી માથાફોડ!
હુ છુ નાની એવા વર લાવુ,–જેમા નવ કાઇ ખોડ!–હુ છું.

સ્નેહલતા — ૦:—

છે નોકરી દુખનુ મૂળ શુળ સૌને મોટી હાય હાયરે,
. . . શુળ સૌને મોટી (૨)—છે૦
સારો દિવસ સેવા બજાવી, પોઢવુ આખર થાકી,
રાત વિતી ન માલમ પડે કે ઝટ નોકરી જાગી–શૂળ૦
આમ દોડાવે તેમ દોડાવે કરાવે સર્વે વેઠ,
ધીક્ક જગતમા જીવતર તેનું (૨) ભરે આશરે પેટ.–શૂળ૦

પંડીત જ્ઞાની ધ્યાની સર્વે લખી ગયા વિચારી,
ગુલામગીરી છે નફટ નોકરી (૨) નહીં કરવી તે સારી–ગુળ૦

સુકન્યા સાવિત્રી—(યમ સાવિત્રી સવાદ)

શા માટે શ્રમ કરે, સતિ તુજ પતિભક્તિ સાચી (૨) હવે પુત્રી વળતુ પાછી (૨)
સાવિત્રી–સજ્જન કેરા સાથમા, મે ડગ ભરીયા સાત,
મિત્ર ભાવે સુણજો હવે, આ દીન વનીતાની વાત.
ધર્મ જે વેદ પુરાણે ભણીઓ, મુખ્ય ધર્મ ગૃહસ્થાશ્રમ ગણીઓ,
કૃપાનાથમમ, પ્રાણનાથ શુ રહી વૃતી રાચી (૨) વળુ મહારાજ કયમ પાછી (૨)
યમ–સુણી વિવેક ભરી મૃદુ વાણી, થયો પ્રસન્ન અતિ મન શાણી,
સત્યવાનના જીવત વિના, કાઇ–ઇચ્છીત વર યાચી, (૨) હવે.
સાવિત્રી–મહારાજ ! (મારાં અંધ સાસુ સુસ્વર દેખતાં થાય)
યમ–તથાસ્તુ! ભાગ્યવતી તુ અતિ દુર આવી, થાય કોથી મિથ્યા નવ ભાવી–શા
સાવિત્રી–પતિ સમીપ શ્રમ નહી જરી, જ્યા જાએ મમ નાથ,
તપવ્રત આપકૃપા વડે ત્યા આવુ તમ સાથ, સગત સજ્જન તણી નથી સોંઘી
મૈત્રી સત પુરષની મોંઘી, કૃપાનાથ મમપ્રાણનાથ શુ રહી વૃત્તિ રાચી (૨) વળું
યમ–અર્થ યુકત સભાષણ તારૂ બુદ્ધિમા વૃદ્ધિ કરનારૂ,
સત્યવાનના જીવન વીના, કાઇ–ઈચ્છીત વર યાચી—હવે.
સાવિત્રી–મહારાજ (મારા બુદ્ધિશાળી સસગજીને પાછુ રાજ્ય પ્રાપ્ત થાય)
યમ–તથાસ્તુ ! ઉત્તમ વર એ આપ્યા ભાવે હજી પ્રેમદા પુઠળ આવે–શા૦
સાવિત્રી–સુપાત્ર જન કરતા કદી, સુપાત્રોનુ સનમાન,
સાધુ, તો દુશ્મન તણુ, પણ સાધે કલ્યાણ.
કૃપાનાથ મમ પ્રાણનાથ શુ, રહી વૃત્તી રાચી. (૨) વળુ.

યમ-શિતળ વચન સુધાસમ તારા, તૃષાતૃષાતુરની હરનારાં,
સત્યવાનના જીવીત વિના, કાંઇ-ઈચ્છીત વર યાચી—હવે.
સાવિત્રી-મહારાજ! (મારા પિતાના કુળ વૃદ્ધી કરનાર આજે
સો ભાઈ થાય.)
યમ-તથાસ્તુ. સાસરીયાનુ માન વધાયુ, પીયર તણુ પણ કાજ સુધાર્યું -શા.
સાવિત્રી-પર દુખે દુખીયા બને, દુ:ખદ હૃદય વિશ્રામ,
ભરૂસો ભારે સતનો, ઠરવાનુ શુભ ઠામ
સ્વજન માહી વિશ્વાસ નવ લાવે, સજ્જન ઘર પ્રુછતુ સૌ આવે,
કૃપાનાથ મમ પ્રાણનાથ શુ રહી વૃત્તી રાચી (૨) વળુ
યમ-મધુરા નવીન વચન સભળાવ્યા, અતિશય તે મારે મન ભાવ્યા.
સત્યવાનના જીવીત વીના કાંઇ-ઈચ્છીત વર યાચી. (૨) હવે
સાવિત્રી-મહારાજ! (મને મારા સ્વામીથી ઔરસ સો, પુત્ર થાય
યમ-તથાસ્તુ! ઘટે ના થાવુ અતિ વર લોભી, તજી પુઠ હવે
જા અહીં થોભી-શા૦
સાવિત્રી-સ્વધર્મ વ્હાલો સાધુને, જે ચુકે નવ લગાર,
સાપ્રત ભુત ભવિષ્યની, ગતિ તણા આધાર
સજ્જન ફરે ન આશા આપી, બોલ્યુ અબોલ્યું ન કરે કદાપી.
કૃપાનાથ મમ પ્રાણનાથ શુ રહી વૃત્તી રાચી (૨) વળુ.
યમ-અમુલ્ય તારા વચન વિચારી, વાધે તુજમા ભકિત મારી,
ભગવતી છેલ્લુ ઉત્તમ અનુપમ, ઈચ્છીત વર યાચી. (૨) હવે.
સાવિત્રી-પુત્ર તણું મુજને દીધું, પ્રભુ આપે વરદાન,
જીવીત દાન દઈ જીવનને, સત્ય કરો ભગવાન .. ..



રાધા—કૃષ્ણ.



કેશર કીશોરી —:૦:—

અરે દુનિયામા પ્રેમી ક્યા બધે મતલબની યારી છે—અરે૦
બીચારા કોઇક સાચા પ્રેમી, તેની તો ખુવારી છે—અરે૦
સાખી { પોપટ જેમ પઢતતો, અચરે અચરે રામ,
મુરખ જન તેમજ બકે, પ્રેમ પ્રેમનુ નામ.
ક્યા છે સાચો પ્રેમી હા ક્યા તે સાચી પ્યારી છે—અરે૦
સાખી { પ્રેમી પ્યારી કરી મરે પ્યારી કરે મીજાજ,
પ્યારી પિયુ પિયુ કરી મરે, પ્યારા રંડીબાજ.—અરે૦
ગયો સાચાનો વખત હા, દગલબાજીની વારી છે—અરે૦

રાં' માંડલીક —રાગ. આશાવરી—

હઠ છોડ સખો ચન સગ મેરે, તોહે બ્રુજમે કાંન બુલાવત હે
નહીં તુમ બીન વાંકો ચયન પરત નહીં ખાન પાન કછુ ભાવત હૈ.
મોર મુગટ નહીં પહેનત હય, નહીં અગ સુગધ લગાવત હૈ,
તહીં ધેનુ ચરાવન જાત સખી, વાંકે બંસીનાદ ન ભાવત હૈ.
કયુ એસો હીયો તેરો કઠીન ભયો, તોહે લાજ શરમ નહીં આવત હે,
જાંકો જોગીજન ધ્યાન ધરત, બ્રહ્માદિક પાર ન પાવત હૈ.
તોરી પ્રીતમે ભુલ ગયો પ્રભુતા, તકસીર વો માફ કરાવત હૈ
એક બાત ન ઝુઠ કહુ સજની, અબ ક્યા ઇતના તરસાવત હૈ.
પિયા માંધોસે એસે મીલો પ્યારી, વોનો તેરોહી નાજ ઉઠાવત હૈ

મીશ માણકુ —રાગ કહેરવા—

હજારો મેરે કાનમ મોતી કાનકા મોતી, કાનકા મોતી—હ
એરે મોતી મેરા, કીચપડા હે, (૨) લે જમુનાજલ ધોતી,
("કૈસે ધોતી") લે જમુના જલ ધોતી—હજારો—(૨)
અગલી બજાર મેરા, મોતી ગુમાયા(૨) પીછલી બજાર ખડી રોતી,

("કાયકુ રોતી") પીછલી બજાર ખડી રોતી—હજારો—(૨)
એરે મોતી મેરા, લાખ ટકેકા (૨) ધર છતિયન પર સોતી (૨)
હજારો મેરે—(૨) કાનકા મોતી—(૨) હજારો મેરે—
"વાહરે વાહ બડા ભારી મોતી હો હો હો હો"

બુદ્ધદેવ. —રાગ, ગઝલ.—

પડતી હવે મુજને ખબર, તુમા જણાયે હાં નહિ,
આ જગતની જજાળની, ચતુરાઇ તે દીઠી નહિ
જ્યા પ્રેમ માગે ઝળહળે, ત્યા ને દીપો બદલો ખરો,
ઘરબારને છોડયા વિના યુક્તિ કશી સુજી નહીં.
હવે તો જો જરા જાગી (૨)
ચોળી વિભૂતિ અગ, બન્યો શુ યોગી (૨)
સમાધી જુઠી દે ત્યાગી (૨)–હવે.
વિલાસી મહેલના વાસી, તને આ શી લગન લાગી (૨)
મંગુ પુષ્પને ત્યાગી ચહ્યા કાટા નુ દીન ભાગી (૨)–હવે.
રૂડી આશ ધારીને, મે તારો સગ કીધો તો,
બરૂ મો દઈ ભૂલાવી ઓ! વિરાગી શું ગયો ત્યાગી (૨)–હવે.

ઉદયભાણ. —૦—

પથી પરદેશી ચિત સોપી, હુ આ ચા. લી,
સાખી { તરસ્યાને ટીંગળાવવા, પડદે રાખી પ્રીત;
પુછયું પ્રવીણ પથીએ, કોણ ગામની રીત.
શુભ સંદેશો લઇ સચરજો, હુ આ ચા. લી.
સાખી { મહા મહીનાનુ માવઠુ, જગલ મગળ ગીત;
સમય વિનાનું બોલવું, ત્રણેની એક રીત.
વ્હેલા મડપ માહી મળજો, હુ આ ચા લી.

ઉદયભાણ. —:૦:—

બોલો મારા પ્રેમી પોપટજી બોલો બોલો, બોલો બોલો મેના બોલાવે,
બોલો રંગ રશીયાજી ડોલો જરી ડોલો, ડોલો, ડોલો પ્યારી ડોલાવે.
મેના તારા વચનની વેણુ વાગી, લાગી લાગી લલીત લેહ લાગી,
મેના વ્હાલી મેના કે, ના કહે, પણ જાગી, જાગી અજબ જોત જાગી.
પહેલા પોપટજી પ્યાગ રામજી સભારો–વાહ ' **મેના શું–સતી સીતા વિસારો.**
ચતુર સુજાણુ **સીતા–રામ** ઉચરાવો .. બોલો.
પોપટજી પાજરૂ સોનાનુ સજાવુ, લાડીલી હુ લાલચુ નથી કે લલચાવુ
સોને રૂપે શુ ભીડ ભિતરની ભાગી લાગી.
રૂડા સુડાને રંગે રમાડુ, પાખે ધાલીને ફળ મીઠા ખવાડુ,
ભાવના ભુખ્યા તમે શુ ભાવી ભાવના ભુલાવે ૨–બોલો.

સરદારબા —રાગ–ઉસ્તાદી—

બસીવાલા આજોરે મારે દેશ, પ્યારી સામરી સુરત પ્યારો બેસ–બ.
આવન આવન કેહ ગયોજી, કર ગયો કોલ અનેક,
ગીણુતા ગીણુના ઘીસ ગઇ, મોરી આગળીઆરી રેખ.
સાવરીયા રસીલા સલુણા, પીયાને જીયાયે કરૂ યે નીશાર,
હમતો જોગી પ્રેમકેરે. પ્રેમ હમારો દેશ
શુદ્ધ નહીં પાઈ પીયુકી, તબ લીયો આ વેશ.–બં

જલસા સગ્રહ. —રાગ, પીલુ, પદ—

કીસીકા કૌન સંગાથીરે બાબા—કીસીકા
જુઠીરે માયા જગત ભુલાયા, કહેત પુરાણુકી પોથીરે–બા–કી.
દોલત દુનીયા માલ ખજાના, માત પિતા સગ નાહીરે–બા–કી.
આપહી આપે અકેલા રી'જાના, **હોતે મશાનકી માટીરે** બા–કી.

સુરદાસ ભજન. —રાગ, પદ—

કયું રે નીંદભર સોયા મુસાફીર, કયુ રે નીંદભર સોયા,
માનુસ દેહ દેવનકો દુર્લંભ, જનમ અકારથ ખોયા-મુ૦
ધનદારા જોબન સુત તેરા, વામે મન તેરા મોહ્યા,
સુરદાસ પ્રભુ ચલેહી પથકો, પીછે નૈનુ ભરભર રોયા-મુ૦

કબીર ભજન —રાગ કીર્તન—

મુખડા કયા દેખો દરપનમે, તેરે દયા ધરમ નહીં મનમે-મુ૦
જેશી ફુલ રહી ફુલવાડી, બાસ રહિત નીજ ફુલમે,
એક દીન એસી હો જાયગી, ખાક ફીરેગી તનમે -મુ૦
ચુવા ચદન, અબીર અગરજા, શોભે ગોરે તનમે,
ધન જોબન દો ઘડીકા સાથી, છુટ જાવેગા ક્ષણમે-મુ૦
કોડી કૌડી માયા જોડી, સુરત રહે નીજ ધનમે,
દશ દરવાજા બધ રહે તો, રહે ગઈ સબહી મનમે-મુ૦
વાસનકી એક નાવ લગાઈ, લે ચલે જગલમે,
ધરમી ધરમી પાર ઉતર ગયે, પાપી ડુબે જલમે,
કહત કબીરા સુનો ભાઇ સાધુ, એ કયા લગ રહી મનમે-મુ૦

મીરાંબાઈ. -ભજન, રાગ-ધનાશ્રી-

રામ રતન ધન પાયો મૈયારે, મૈંકો રામ રતન ધન પાયો-મૈયા.
ખરચ્યો ન ખુટે, વાકો ચોર ન લુટે, દિન દિન હોત સવાયો-મૈયા.
નીર ન ડુબે, વાકો અગ્ની ન જારે, ધરણુ ભર્યો ન સમાયો-મૈયા.
નામકી નાવ ભજનકી બતીયા, ભવસાગરસે તાર્યો-મૈયા.
બાઈ મીરાં કહે પ્રભુ ગીરધર શરણે, ચરણ કમળ ચીત લાગ્યો-મૈયા.

ચાલુ જમાનો. **-સમય પ્રભાવ-**

અવસરને વશ બસ થઈ રહેવું, દુઃખ આવે તે તો સેહવુ,
દુઃખ આવે તે તો સહેવુ, પ્રભુ રૂઠે કોને કહેવુ-અ૦
વેળા વશ સીતારામ થયા વનવાસી,
વેળા વશ દ્રૌપદી થઈ સૈરન્ધ્રી દાસી-એથી શિક્ષણ લેવું -અ૦
વેળા વશ **નળ** નૃપ, ગયા જુગારે હારી,
ભટકી **દમય**તી વનવન હાય બીચારી-છે ભાગ્ય પ્રબળ એવુ -અ૦

બુદ્ધદેવ. **—ગઝલ—**

દુઃખીને ડરાવે શાને, મરેલાને મારે શાને,
બળેલાને બાળે શાને, વૈરી વિધિ,
રીઝાવી સતાવે શાને, સતાવી રીબાવે શાને,
રીબાવી જીવાડે શાને, દયાના નિધિ
શશિને કલંકો દીધાં ગુલાબો મનોહર કીધાં,
નિયંતા તે આવી શાને, અનિતી કીધી-દુઃખી.
ચંદનને કુસુમનાં દીધાં, સાગર જળ ખારા કીધાં,
અમૃત કહી ઝેર દીધા, જીવન અકારા કીધા,
રમણી હૃદયે આશા, નિરાશા દીધી-દુઃખી

બુદ્ધદેવ. **—ભજન—**

કાયા કાચ કુંપો, તુ તો ચેતરે, હિણુ ભાગી હંસા,
અવિચળ પદીને તુ પેખરે, હિણુ ભાગી હંસા-કાયા૦
ઝાંઝવાના નીર સમજ આ, કાચી જીંદગાની તારી,
મમતા મુકી દે ને તુ તારીરે, હિણુ ભાગી હંસા-કાયા૦

એ દિનના છે ધરજળ સઘળાં, એ દિન અહિં રહેવાનું છે,
એ દિનનાં છે સગાસંબંધી, એ દિન સુખ લેવાનું છે.
એ દિનનો છે પંખી મેળો, અંતે ઉડી જાવાનું છે,
લોકો જેને દુનિયા કહે તે, એક મુસાફર ખાનું છે-કાયા૦

મહાશ્વેતા કાદંબરી. —૦—

હમારી લાજ તમારે હાથ, ઓ નાથ નિભાવજોરે હમારી.
"સદ્‌ગુણ જ્ઞાન સુબુદ્ધિ આપો, સતચિત આનંદ ઉરમા સ્થાપો"
અગમ નિગમનો માર્ગ સુગમ બતલાવજોરે હમારી
ભક્તિ થકી ભવ બંધન તુટે, ડગલે ડગલે આયુષ્ય ખુટે,
શ્રીધર અમ તન મનના તાપ સમાવજોરે હમારી લાજ.

મહાશ્વેતા કાદંબરી. —:૦:—

પતિ વીના પ્રેમદાના મનના, પુરાય કયાથી કોડ,
કહે સખી પુરાય કયાથી કોડ?
સરજન હારે સરજી જગમાં, નરનારીની જોડ (૨)
પશુ પક્ષી વન વૃક્ષ નિહાળો-સૃષ્ટિ માહે સઘળે જઇ ભાળો,
નાના મોટા જીવ જંતુમા, પણ એવી નથી ખોડ-સ૦
પતિ ભજયે પાતક સહુ ટળતા, અખંડ સુખડા સેજે મળતા,
પતિ વિના સાહેલી જગમા, હરાય જીતી હોડ-સ૦

હાનવી માયા. —:૦:—

આન મધુરા ગાય રતિના રૂપે કામ લજાવે,
સ્નેહસુધારસ સીંચન કરતા ઘડી ઘડી શરમાવે, મુજને એ મોહન ભાવે.
વાત વાતમા રીસ કરીને રોષ દોષ દર્શાવે,
પણ મમતાથી પગે પડું તો, છાતી શું લપટાવે—મુજને.

કરી કમાણી પૈસા લાવે પેટીમાજ દબાવે,
કુંચી કરમાં લ્યો શેઠાણી' કહી કહી બોલાવે —મુજને
ઘર કુકડો થઇ ઘરમા બેસી આજ્ઞા નિત્ય ઉઠાવે,
ઘરની દેવી કહી સલુણા સેવા સર્વ બજાવે—મુજને.
પ્રેમ પુષ્પનો પ્રેમ ભોગી તે પ્રેમસુધા પીવરાવે,
પ્રેમેથી પરિરંભણ આપી પ્રેમ ઝુલે ઝુલાવે—મુજને.

ઉમા દેવડી. —:૦:—

છોડો છોડો છબીલા, જાઓ જાઓ હઠીલા,
મારી લુટાશે નવલખ લાજ—છબીલા.
તમે મોટા પુરૂષ મહારાજ, પાણી પહેલા બાંધી લ્યોને પાજ—મારી
વાહ વાહ વચન રસીલા, તારા નયન રંગીલા,
ગોરી ગાળે સર્વનુ ગુમાન—રસીલી પ્યારી ગાળે
લાગે જેને પ્રીતીનુજ પાન, ગણે નાના મોટા સૌ સમાન—ગોરી
સાખી { કથન કથે જગમાં બધાં, વિરલા પાલણહાર,
પ્રીતિ ભગત ભામા સદા, વચન નિભાવનહાર.
મુકો મુકો માનુની ગુમાન, શાણા દામી છુ તારી સુજાણ,
ચાલો આવો ચતુર પ્રીય પ્રાણ.—છોડો.

ધના ભગત —ભજન—

રામબાણ વાગ્યા હોય તે જાણે, ઓલ્યા મુરખ મનમા ન આણે
ધ્રુવને વાગ્યા, પ્રલ્હાદને વાગ્યા, ઠરી ને બેઠા ઠેકાણે,
ગર્ભવાસમા શુકદેવને વાગ્યા, એવું વેદ વચન પરમાણે—રામ.
મોરધ્વજ રાજાનુ મન હરી લેવા, મ્હારો વા'લો આવ્યા જે ટાણે,
લઇ કરવત મસ્તક પર મેલ્યુ, પત્ની—પુત્ર બેઉ તાણે—રામ.

મીરાંબાઇ ઉપર કોપ કરીને, બોલ્યો રાણોજી ખડક તાણે,
ઝેરના પ્યાલા મ્હારા **ગીરધરલાલે**, આરોગ્યા **અમૃત** ઠેકાણે–રામ.
નરસીંહ મ્હેતાની હુંડી શીકારી, વ્હાલે ખેપ ભરી ખરે ટાણે,
આગળ સંત અનેક ઓધાર્યા, એવુ **ધનાભગત** ઉર આણે–રામ.

મીરાંબાઇ **—રાગ ભજન—**

કાનુડો શુ જાણે મ્હારી પ્રીત, બાઇ અમે બાળ કુંવારારે–કા૦
જળરે જુમનાના અમે ભરવા ગયાતારે, કાનુડે આવીને છાટયા
નીર, ઉડયા છરરરરરરે–કા૦
શેરીએ ને શેરીએ અમે રમતા, ને ભમતારે, કાનુડે આવીને ખેચ્યા
ચીર, ફાટયા ચરરરરરરે–કા૦
વદરાતે વનમા વ્હાલે રાશ રમાડયારે, કાનુડે તાણી માર્યા તીર,
વાગ્યા અરરરરરરે–કા૦

ભજનામૃત. — ભજન મીરાંબાઇ —

બલીહારી રસીયા ગીરધારી, સુંદર શ્યામ હો તજી અમને
મથુરાના વાસી, આવા ન બનીયેજી.
વાસલડી વાગે વ્હાલા, ભણકારા વાગેને, વૃજ વાટ લાગે ખારી,–સુંદર
જમુનાનો કાંઠો વાહલા ખાવાતે દોડેને, અકળાવી દે છે મુને ભારી.
વૃંદાવન કેરી શોભા, તમ વીણ અમને તો, નવ લાગે હવે સારી–સુ.
ગોવરધન તોળ્યો વ્હાલા, ટચલી આગળીયેને અમ પર ઢોળ્યો ગીરધારી
મીરાંબાઇ કહે પ્રભુ ગીરધરના ગુણ, શુદ્ધ પ્રભુ લેજો માહરી,–સુંદર

કબીર ભજન — રાગ ભજન પદ —

દયા ધરમ નહીં મનમે. મુખડા કયા દેખો દરપનમે,
કાગજકા એક નાવ બનાયા, **છોડા સમંદર જલમે,**

સુગરા બેઠન વાલા હુએ, સુગરા તરજાય ઉનમે,—સુ.
મુચ્છ સમારી પાઘડી બાંધી, તેલ લગાવત તનમે,
ડુગરકા પાની જોબનકા લટકા, ઠલજાવેગા છીનમે—સુ.
ઓર કાયામા ઘાસ ઉગત હવે, ગૌંઆ છરત હવે બનમેં,
કહત **કબીરા** સુનોભાઇ સાધુ, રહ ગઇ મનકી મનમે—સુ.

નરસીંહ મહેતો. —:૦:—

હવેમને હરીનામથી,નેહલાગ્યો(૨)ભાગીભીડભવનોભય ભાગ્યો—હવે.
માયા મદીર મારે મનથી મે મુકયાને, ઇન્દ્રીની ઓળખાણ મુકી (૨)
હેમ હીરાથી હાર મઢેલા, તે પર ચાલ્યો થુકીરે—હવે.
કોના સુત તાત, કોના માન ભ્રાત, સરવે સ્વાર્થના સગપણ રાખે,
પ્રાણ ગયા પછી, પાસે ન આવે, કાઢો કાઢો મુખથી ભાખેરે—હવે

વીર કુણાલ. —.૦·—

હુ તો વીધ વીધ રગ બતાવુ નેન નચાવુ,
ને લલચાવુ મારા—કથને, વશ કરવા
રીસ કરી જોઉ આડી આખે, ભૂમિ ખણતી શરમાતી,
હારે સખી લળી લળી હુ **લચકાતી**—
મનાવતા પણ હુ મરડાતી, છણુકે છટકી જાતી,
કહે માફ કર કાલાવાલા, કરતા હુ હરખાતી.
હારે સખી હસી હસીને ખસી જાતી,
પગે પડે જ્યા પ્રીતમજી, **ત્યાં પાણી પાણી થાતી.**—

જગતસિંહ. —.૦—

જીણા ઝરમર વરસે મેહ ભીંજે મારી ચુદડલી
એવો નદકુવરસુ નેહ, ભીંજે મારી ચુદડલી,

ઉંચા અવાશ એ અલબેલાના, નીચે અમારી મેડીરે,
સુતી હતી હુ રંગ ભુવનમા, સાન કરી મીઠ તેડી—ભીંજે.
ઢમમગ દાદુર મધમધ મોરલા, ચાતક થયા નમેરીરે,
વીજળીના વેગના ભયને ત્યાગી, આવી ઉભી આ શેરી—ભીંજે.

કંસવધ. —ગરબો—

જમુનાને તીરે જાદુવાલે, સખી બંસરી બજાવી,
નદલાલે વ્હાને ચિત ચોરી મને બાવરી બનાવી
ભૂલાવી મારૂ ભાન સાન કહાન ગયો હાહા,
મને મોરલીએ મોહીની ઉપજાવી —જમુના

સાખી { સુંદર છબી જોઈ છેલની, ઉપજી અંતર પ્રીત,
નટવર ગિરધર શ્યામમાં, ચોંટયુ મારૂ ચિત.

નયન નેહે નચાવ્યા વાલીડે સખી મુખ મલકાવી,
છુપી છુપી કરી સાન, મને લીધીરે લોભાવી,
ન ભાવે ખાનપાન નિંદ ન આવે હવે, લગન લલનાએ પ્રેમની લગાવી.

સાખી { વીરહ થકી વિંધાયલુ, અંતર અતી અકળાય;
અળગો રહે અલબેલડો, શુ કરૂ સખી ઉપાય.-જમુના

અબળાઓનાં બંધન. "ભજન"

જાના હે જાના, સબકો હે જાના,
સોહન જીમમે પહેચાના, ફિર નહિ આના જાના—ટેક.
કાયા ઘડ કચ્ચા ભાઇ, માયા બાદલકી છાઇ,
લડકા લડકી લુગાઇ, સ્વારથકી હે સગાઇ, મત હોના દિલગીર—
માલ ખજાના મયના હાથી, ઘોડા ઔર સમયાના,

સબકો છોડ અકેલાહી જાના, આવે પરવાના,
જબ એકહુ ન ચલે બ્હાના, ચલતી નહીં તદબીર—ટેક.

સતી દ્રૌપદી. —૦—

ધરો કાંઈ હિત શિખામણ ધ્યાન, ગર્વથી નથી નાથ કલ્યાણ,
કુસપે રળ્યુ કોણ આરામ, મેળવ્યુ કોણે મહીમા માન
અભિમાન પર્વત છે મોટો, હેઠળ ઉંડી ખાઈ .
ચડયા પડયા તે નર પછડાયા, છરમા ગયા છુદાઈ–ધરો૦
લકા સરખો ગઢ દૂર્ઘટ ને સમુદ્ર સરખી ખાઈ,
લંક પતિ પણ લંક ન લાધો, રણમા ગયો રોળાઈ.
હિરણ્યાક્ષને—હિરણ્યકસ્યપુ, એ જબરજગ બે ભાઈ,
નૃસિંહ રૂપે નખે વધેર્યો, માને ગયા મરડાઇ . .ધરો૦

સરસ્વતીચન્દ્ર. —:૦:—

પ્રિતી કરીશુ તરછોડી પરદેશી હા છોડી પરદેશી, (૨)–પ્રિતી.
ડશ દઈ અહો ભ્રમર કુમુદ્દને, હો છોડી પરદેશી હા છોડી (૨)–પ્રિતી.
પુરી પખીણી, પ્રેમ પીંજરમા, આખર પાખ મરોડી પરદેશી,
હા મરોડી પરદેશી .. .. મરોડી પરદેશી.... . પ્રિતી.
ત્યાગી કુમુદ વન, ભટકી ઓ ભમરા, આવ્યો અહીં શુ ફરી દોડી,
ઉડીજા ઉડીજા, પખી મુશાફર રેન રહી છે, હવે થોડી પરદેશી,
હા થોડી પરદેશી .... હા થોડી પરદેશી . . .પ્રિતી.

લવ–કુશ. **—વૈરાગ્ય, ભજન, રાગ–પદ—**

જોને જરી જાગી મુરખા, જોને જરી જાગી,
અલ્યા સુતો શું અભાગી ! જીવ ! જોને જરી જાગી.

સગાને સબંધી ત્હારા, સુખના છે બેલીરે. [૨]
ઠેલી મેલી જાશે દુખમા રડતોજ ત્યાગી—અલ્યા સુતો શું.
કાયાની માયાને ત્હારી, કર તું વિખુટીરે [૨]
દુટી બુટી સાધનારો નથી કો વિરાગી—અલ્યા સુતો શુ.
મ્હારૂ આ મ્હારૂ છે માની, ગુમાની શું થાતોરે [૨]
જાતો હરખાતો માતો જાશે હામ ભાગી—અલ્યા સુતો શુ

સતી તોરલ —ભજન—

એક દીન એવો આવશે, જે રૂદીયામા સૌઉના સાલેરે,
સગા મીત્રના કારણે વીરા કોઇનુ જોર નવ ચાલેરે.
કાઢો કાઢો એને સઉ કરે વીર, જાણે જન્મયા નોતારે,
ઘટનો ઘુઘટ દુર કર્યો ત્યારે રોકયા દશ દરવાજારે
આરે કાયાનો ઘટ ઘેરીઓ ત્યારે, રોકયો દેહનો રાજારે—એક
સોળ વરસની સુદરી તે ઉભી ટગમગ જુવેરે,
આરે કાયામા હવે કાંઇ નથી ત્યારે ઉભી ધ્રુસ્કે રૂવેરે.
એની વળામણુ શેરીએ માત ઝાપેથી વળશેરે,
સગા સગા તમે શુ કરોરે, સગા વળાવીને વળશેરે,
સગા તે વન કેરા લાકડા તે ભેગા આવી બળશેરે—એક.

સરોજની. —ભજન—

કાળ નહિ છોડેરે, હાલા શાને મથીને મરો
પાપી ભ્રમણા કાજેરે, ધોળા કાળા શીદને કરો
મન જાણો છો? મેં કયુ કે, પણ કરનારો છે કોય;
આદર્યા અધવચ રહે ને, હરી કરે સો હોય,
મિથ્યા વૈભવ માટેરે, નિદય જુલ્મી શીદને કરો—કાળ૦

નક્કી સમજો કાળ રાય ત્યમ, રંક સર્વને ખાય,
બાંધી મુઠ્ઠીએ આવેલા, સૌ ખાલી હાથે જાય,
કરશો તેવું ભરશોરે ? પરમેશ્વરથી જરી તો ડરો—કાળ૦

બોડાણો **—વૈરાગ્ય ભજન—**

જુઠું જુઠું જગત ખરૂં જાણ્ય મારે
જુઠી જનની, જુઠી જાયા, જુઠી મોહ ભરેલી માયા,
કાચ કુંપો છે કાયા, મમતા તાણ્ય મારે
ગગને જામે વાદળ ગોટા, પાણીમા પ્રગટે પરપોટા,
બોલ વિશ્વનો ખોટો—સાચો જાણ મારે
મારૂ મારૂ કરતા મરતા, દ્રવ્ય કાજ પાપે નહી ડરતા,
મેલી ચાલ્યા દામ ખજાનો ખાણ મારે.
જુઠી જાણો જગતની બાજી, આતશબાજી જાશે ગાજી,
અંતે સૌને સોવુ છે, **સ્મશાન મારે.**

સતી તોરલ. **—ભજન—**

જેસલ કરી લે વિચાર, માથે જમ કેરો માર,
સ્વપ્ના જેવોરે સમાર, **તોળાંદે** કરે છે પોકાર.
આવોને **જેસલરાય** આપણ મળીયે,
ખરા સત હોયે ત્યા જઇ ભળીએજી ?
આ ભવ આવીયો અવતાર માથે સદ્‌ગુરૂ ધાર,
જાવુ **ધણીને દરબાર** બેડલી ઉતારે ભવપાર—આવોને૦
મોતી એરણમા ઓરાય, માથે ધરણ કેરા ઘાય,
ફુટે ફાકટીઆ કહેવાય, સાચાની ખરે ખબર્યું થાય—આવોને૦
નવલખ કોથળીઓ બધાય, ત્યારે ગાધીડો કહેવાય,
હિરા માણેક હાટે વેચાય, તેના મુલ મોઘેરા થાય—આવોને૦

નિત્ય નિત્ય ઉડી ન્હાવા જાય કોયલા ઉજળા ન થાય,
એટા ગુણિકાનો તે તો બાપ કોને કહેવા જાય.—આવોને૦
દેખા દેખી કરવા જાય, એ નર અધુરીયા કહેવાય,
હાથમા દીવો લઇને છતી આખે કુવે પડવા જાય—આવોને૦
એવી ચાર જુગની વાણી **સતિ તોરલ** દેવી ગાય—આવોને૦

રાગ સાજ સંગ્રહ—હનુમાન સ્તુતિ—

ધન ધન મહાવીર **બજરંગ, રાવણ** લંક જલાને વાલે.
આજ્ઞા **રઘુનંદનકી** પાય પહુચે **ગઢ લંકામે** આય,
ક્રોધિત હો દી આગ લગાય, **રામકે** કામ બનાને વાલે.—ધન.
રાવનકી બાટીકા ઉજારી, મારા **અક્ષય કુમાર** સુરારી,
ફસ ગયે **બ્રહ્મ પાશ** એકવારી, લીલા લલિત દીખાનેવાલે—ધન.
ચઢી દ્રુમ **અશોકપર** હર્ષાય, દિન્હી ઝટ મુદ્રિકા ગિરાય
ચરનન ગિરે સિતાકે આય, પિયાકી ખમર સુનાનેવાલે—ધન.
શકિત **મેઘનાદ** ને મારી, વ્યાકુલ ભયે **લક્ષમન** બલધારી,
લાયે સજીવની સુખારી, **લક્ષમન** પ્રાણ બચાને વાલે—ધન.
માયા રચ **અહિરાવન** ધાય, જબ હર લે ગયા દોનો ભાય,
રામકો લક્ષમન સહિત ઉઠાય જાય પાતાલમે લાનેવાલે—ધન.
દુષ્ટોકો મારો તત્કાલ, ભકતોકા કરિયે પ્રતિપાળ,
શરણાગત દ્વિજ **મન્નોલાલ,** ધન સિયા બલપાનેવાલે—ધન.

સતી તોરલ. —ભજન—

પાપ ત્હારૂ પ્રકાશ જાડેજા પાપ ત્હારૂ પ્રકાશરે,
ત્હારી બેડલીને બુડવા નહિ દઉ જાડેજારે—**તોરલ કહે છે.**

હરણ હર્યા લખચાર તોરલ દે હરણ હર્યા લખ ચારરે,
કઇક વનમા મૃગલા મારીયા, તોળાદેરે એમ **જેસલ કહે છે**
કર્મ ત્હારા સભાર જાડેજા ધર્મ ત્હારો સભારરે-તારી બેડલી.
લુટી કુંવારી જાન સતિ નારી, લુટી કુવારી જાનરે,
સાત વીશુ મોડબધ મારીયા તોળાદેરે, એમ-**જેસલ કહે છે.**
ધર્મ ત્હારો સભાળ જાડેજા ધર્મ ત્હારો સભાળરે–તારી બેડલી.
તોડી સરોવર પાળ, સતિ નારી તોડી સરોવર પાળરે,
ભાઈ ભાભીને મે મારીયા તોળાદેરે એમ **જેશલ કહે છે**
કઇક પરમાર્થ કર જાડેજા કઇક પરમાર્થ કરરે-તારી બેડલી.
માથાના જેટલા વાળ સતિ નારી માથાના જેટલા વાળરે,
એટલા કુકર્મો મ્હે કર્યા તોળાદેરે એમ-**જેસલ કહે છે.**
પાપ તારૂ પ્રકાશ જાડેજા પાપ ત્હારૂ પ્રકાશરે,
વિનવે **જેસલરાય** સતિને વિનવે **જેસલરાય,**
મારી બેડલી ઉનારો ભવ પાર, સતિ–મારી.

સતી તોરલ.

—૦:—

જીવન દિન ચારનુ ચટકુ **નકામો મોહમાયાનો,**
ઉડી જાવુ આહા અતે કરીને ત્યાગ કાયાનો.
થતાં દરબારનો ડંકો રહે ના ગર્વ બકાનો,
શુરાનો પણ સમય આવે સમાધિમા સમવાનો.
અરેરે કયા માયાનો નકામો મોહ સસારે,
ભુલે જ્ઞાની છતા જ્ઞાને ધારાની **ઢોંગ** ડાહ્યાનો

ગ્રામોફોન રેકર્ડ ગાનાર રા નાથુલાલ.

રાગ—ગરબો.

પાતળીતા પાલવ મેલોરે, પાય પડું રે
અલબેલા અળગા રહોનીરે પાય પડુ રે
છેગાળા છેડો મેલોરે પાય પડુ રે
વ્હાલાજી મારા, મહીની, મટુકી મારી ફુટી (૨)
આ કંઈ મોતનમાળા તુટી (૨) રે પાય પડુ છુ—પાતળીયા
વ્હાલાજી મારા કંસનુ રાજ નથી રૂડુ (૨)
કોઇ જઇને કહેશે કુડુ (૨) રે પાય પડુ છુ—પાતળીયા
વ્હાલાજી મારા, ઝગડો ઝાઝો નવ કીજે, (૨)
તુને દાણ શાનુ દીજે (૨) રે પાય પડુ છુ—પાતળીયા.
વ્હાલાજી મારા **દયાનો** પ્રિતમ છે સોહાગી, (૨)
મુને તારી માયા લાગી (૨) રે પાય પડુ છુ—પાતાળીયા

વિરાટ—પર્વ રાગ ઉસ્તાદી ભજન.

વરતન મુખસે કીયો ન જાય તેરો **રાધા કીશન મુરારી**
ફાગન મે જબ હોરી ખેલત, બીહરત કુંજ **બીહારી**
બ્રીંદાબન્દકી કુંજ ગલીમે, બહીંઆ પકડ રંગડારી,
ક્રોધમે આકર ભવે ચગાન્ર, તબ બોલી **બ્રીજનારી**
મત રંગ ડારો લાજ ધરો તુમ, હમહય **નાર કુંવારી**,
તુમ હો **નીરલજ** હમ નહી અયશે મુખસે સુનોગે ગારી—
(તબ) ફગવા લીયે બીન—જાને ન દુગા હસકે—બુલા મુરારી,
અબ કહા જાઓ બચો મોરે આગે ભર મારી **પીચકારી**,
કહેને લગી સબ હાત જોડ અય ગોકુલકેરખવારી,
તુમરે પ્રેમમે બની હમ મુરખ, અગીઆ બીજ ગઈ સારી,
અબતો છોડ દો ચીર હમારે તુમ જીતે હમ હારી.



શ્રી હંસવાહિની.



બોડાણો. —:૦—

રંગમે કયસે હોરી ખેલુંગી, સાંવરીયાકે સંગ,
ધોબી ધોવે મચવે સયલે, ધોબનીયાકે સંગ.
કીસ પાપીકી નજર લગી, મેરી ચોલી હોગઈ તંગ,-રંગમે૦
મેરા શૌહર સુસ્ત મીલા હય, રોજ પીતે હય ભંગ,
હાય જવાની હો ગઇ ગારત, પાની હો ગયા અંગ—રંગમે૦

બોડાણું. —·૦·—

ઝેણી ઝેણી મોરલીયો વાગે છે, ઈનો નાદ ગગનમાં ગાજે છે-
વાલા વરણાગી ઉભા, જમનાની તીરે, સુણીને નાદ ગાયો ભાગે છે-

સતી દમયંતી. — ૦ —

દમયંતી-જાઓ સીધાઓ બાળ અમારા અંતરના આરામ,
મળીશુ ફરીને મેળવશે જે ભકતવત્સલ ભગવાન-
બાળક—હાય અભાગી અમ પામરપર આવ્યો દુષ્કર યોગ,
બાળ અમે લાચાર સહીએ, માત તાત વિયોગરે-
દમયંતી-નીરવિનાની સરિતા સુની સ્વચ્છ વિના સુની ગાય,
પાંખવિના સુની પંખીણી જેવી બાળવિના સુની માયરે-
સુદેવ—સારા નરસા યશ અપયશના વડીલ કરે જે કામ,
ભોગવવા પડે જે સર્વ સ્વજનને તેના જે પરીણામરે-

સુરશ્યામ. — ૦.—

સૈયા હું છું ગુલાબી રંગ પ્રીતમ રંગ કેશરીયા,
મારૂ જોબન ગુલાબી રંગ પ્રીતમ રંગ કેશરીયા.-સૈયાં૦
પાન ગંગેરી જસોદા બીડીયા, ચાવે ગુલાબી ફુલ,
ચલાવે રંગ કેશરીયા.—સૈયાં૦

ચુન ચુન કલીયાં શેજ બીછાઇ, સોવે ગુલાબી ફુલ,
ઉડાવે રંગ કેશરીયા—સૈયા૦

સુરશ્યામ. —રાગ ભજન—

ભકતી સુધારશ સાર જગતમા, સત્ય સમજો નરનારીરે,
ભકતીને વશ થઇ ગીરધારી, આહીર સાથે ગાયો ચારી;
કપટી મામા કંસને મારી, દાસી કુબજા તારીરે—ભકતી.
વૃજ વનીતાનુ વ્હાલ વધારી, રાસ રમ્યા વીઠુલવનમાળી,
ઈંદ્રતણુ અભીમાન વિચારી ગોવરધન કર ધારીરે—ભકતી.

રામવર્મા —વૈરાગ્ય, રાગ મારૂ—

જીન્હા ઘર ઝુલતે હાથી, હજારો લાખકે સાથી,
ઊન્હાકો ખા ગઇ માટી. તુ ખુશ કર નીંદ કયો સોયા ટેક
નકકારાહ કુચકા બાજે, કિ મારૂ મૌતકા બાજે,
જયો શ્રાવણ મેઘરા ગાજે, તુ ખુશ કર નીંદ કયો સોયા—૧
કહા ગયે ખાન મદમાતે, જો સુરજ ચાંદ ચમકાતે,
ન દેખે કહા જીવહ જાતે, તુ ખુશ કર નીંદ કયો સોયા—૨
જીન્હા ઘર લાલ ઓર હીરે, સદા મુખ પાન ઓર બીડે,
જીન્હાનુ ખા ગયે કીડે, તુ ખુશ કર નીંદ કયો સોયા—૩
જીન્હા ઘર પાલખી ઘોડે, જરી જર બખ્તરકે જોડે,
વહી અબ મૌતને તેડે, તુ ખુશ કર નીંદ કયો સોયા—૪
જીન્હાકે બાલ થે કાલે, મલછયા દુધસે પાલે.
વહ આખર આગમે ડાલે, તુ ખુશ કર નીંદ કયો સોયા—૫
જીન્હા સંગ પ્યાર થા તેરા, ઊન્હાને કીયા ખાકમે ડેરા,
ન ફિર વહ કરનેગા ફેરા, તુ ખુશ કર નીંદ કયો સોયા—૬

શ્રી બ્રહ્માનંદ ભજન.—રાગ ગઝલ—

કૃષ્ણ ઘર નંદકે આયે સિતારા હો તો એસા હો
કરે સબ પ્રેમસે દર્શણ દુલારા હો તો એસા હો.
બકાસુરકો મશલ ડારા, પુતના જાનસે મારી,
કંશકો કેશસે ખેંચા ખિલારા હો તો એસા હો.
કુદ પાનીકે અંદરસે, નાગકો નાથ કર લાયે,
ચરણ ફણ પેંધર કરકે, નચારા હો તો એસા હો
તીર જમુનાકે જા કરકે બજાઇ, બંસરી મોહન,
ચલી ઘર છોડ બ્રજનારી, પિયારા હો તો એસા હો.
રચાઇ રાશ કુંજનમે, મનોહર રૂપ બન કરકે,
દેવ દર્શનકો ચલ આયે, ફીલારા હો તો એસા હો
ગયે જબ છોડ ગોકુળકો નહિ ફીર લોટકર આએ,
સખિ રોતિ રહી બનમે, કીનારા હો તો એસા હો
પૂરી દ્વારાવતિ જાકર, મહલ સોનેકે બનવાયે,
હજારો રાનિયા વાહી, ફસારા હો તો એસા હો.
કુરૂ-પાંડવ લડે રનમેં, જીત અર્જુનકી કરવાઇ,
બચાઇ લાજ દ્રોપદીકી સહારા હો તો એસા હો.
ઉતારા બાર ભૂમીકા, નિધારા ધામ આપનેકો
વો બ્રહ્માનંદ દુનિયાસેં નીચારા હો તો એસા હો

જુગલ જુગારી —ઃ—

નાહી બનશેજી પ્રીતિના મોતીનુ મૂલ,
મોતીનું મુલ આખી દુનીઆ છે ડુલ—નાહી.
હીરા-માણેક દામ કરોડો, પ્રીતિના હ્હેજમા એ છે વસુલ—
સાગર રસતો-છીપ છે દિલની, પાકે મોતી, પાણી જામે અતુલ—

રા'માંડલીક. —:૦:—

બોલો બોલો પ્રીતમજી, બોલો પ્રીતમજી, પાછા મને શું સતાવશો?
પ્રીતે રીતે મને રીઝાવશો--"એમ ....હા"
મને હીરા મોતીથી મઢાવશો--"હા બાઈ હા"
જો જો ખોટા બ્હાના ના બતાવશો ...બોલો

કારભારણ કામણગારી હું,--
કારભારી કામણગારો હુ ભરે સલામ લોક હજારો
સોનાના અસ્તરા બનાવી મુકુ આખુ ગામ
નાતીલા પણ કબુલ કરે ધાસ્તી ભરેલું કામ,
જો જો હરખે હડકાયા થઈ ના જશો....બોલો

રા'માડલીક. —૦—

પ્યારા પ્રિયતમ રશરાજ અમને આજ રીઝાવો,
લટકાળી લલના કાજ સૌ શણગાર મગાવો
સાચી સાડી ચોળી લાવો, પાટણના પટકુળ મગાવો,
હીરા મોતી ટાકી પટકુળે, પાડી ભાત કસબી કોર મુકાવો
લાડ લડાવુ તમને શાણી—જે માગો તે આપુ આણી,
હોસે સ્વામી મારા મનડાના પુરો કોડ, મોઘી હાઉસ બંધાવો,

મીનળ-મુંજાળ. —રાગ કવ્વાલી—

જગતના જાણુ ભેદુઓ રસીક દીલના ઢીબવાર કો
બતાવો કોઈ તો આશક? જગતના
કરૂ તન બદન સૌ ડુલ આપુ મગો જે તે મુલ,
ઝુરે આ કુમળુ બુલબુલ, બતાવો કોઇતો આશક?
મૃદુ આખડી આજી ગુથી વેણી ફુલડાથી,
કચુકી કસકસી બાધી, બતાવુ કોને તે આશક?-જગતના

બીનળ-મુંજાળ. -રાગ-ઉસ્તાદી-

અલબેલા અકેલા આયા અલી, જાને ન પાવે વાકી રોકો ગલી,
મથ જલ જમના ભરન જાત રહી, બીચ ડગર મોહે આન છલી.
તોરો હારહય હંઇકો સજની, નથ બેસર મોરી ચંપાકલી-અલબેલા.

બીનળ-મુંજાળ. —૦.—

અધુરો ઘટ છલકાય આખરે અધુરો ઘટ છલકાય,
સાગરમા બહુ સલીલ ભર્યું છે, પણ મઝા ન મુકે જરાય.
આમ્રતરૂવર ફળ આવે સમ નીચુ નમતુ જાય,
એરંડો ફળ આવે ભાઇ! ઉંચો વધતો જાય—આખરે,
મૂળ સસ્કાર પડયા વીણુ માન અધુરીયા કહેવાય,
વિધા કે વિપુ, વીત વસ્ત્રથી, જાતી સ્વભાવ ન જાય—આખરે.

ઉદય-ભાણુ. —૦—

રસીઓ રસીલી ચાંદનીનો સમો સાધી, તજી સઘળી ઉપાધિ
ગમા ઉપવનમા—
ગુપચુપ વાતો કરે, નેનના ઇસારા કરે;
સગે હસે હરે ફરે રગ ધુનમા—(પછી),
પળમા રીસાયા છે રસીલા, ભાન ભૂલી ભામિની,
માનતા મોહન નથી, હાથે પગે થઇ માનુની.
વેળા રસીલા વહી જશે, પસ્તાવો પાછળથી થશે,
માન મોહન! માન, જાશે કાળ કા'ણી રહી જશે.
તુ માન ભલે ના માન મને પરવા નહિ,
જીવજાન તને નહિ અલગ કર તનથી,
પ્રીત વચન વીણા રચના રસીયા મન વસીયા મારેજી—

ઉદય-ભાણ. —રાગ ભજન—

ટાળ્યા નહીંરે ટળે લખ્યા ભલ઼ે લેખ—ટાળ્યા૦
વાવ્યા બીજ તે ફળે કરમે લખ્યુ તે મળે—ટાળ્યા૦
દશરથ બાંધિલ તલાવડી, પાણી શ્રવણ ભરે,
ધર્મ કરતા ધાડ થઇ, આંધળા ઝુરી તો મરે—ટાળ્યા૦
રઘુવીર ચાલ્યા વનમા, સીતા રૂદન કરે,
દુષ્ટ દગે સતી લઇ ગયો, લંકા પલમાં બળે—ટાળ્યા૦
હરિશ્ચંદ્ર જેવા રાજવી, નીચ ઘર મજુરી કરે,
રાણી વેચી પરઘરે વેળા ચારે સો કરે—ટાળ્યા૦

ઉદય ભાણ —:૦.—

વન વગડામા ભૂલી પડી, ત્યા અમ્રત પ્યાલો પીધોરે
પીધો લીધો સાર સૃષ્ટિનો, બોલ અમર ત્યા કીધોરે-૫થી પરદેશી
અધવચ વગડે વીંછુ કરડયો, ઝેર ચઢ્યું છે અંગેજી,
કોઇ મુરલીધર મંત્ર ભણે તો શીતળતા થાય અંગેરે-૫થી
દુનિયા મારી ચેષ્ટા કરતી, ને ગાડામા ગણતીરે,
હું ગાડી કે દુનિયા ગાડી, આપ કરી દો ગણતીરે-૫થી.

સત્ય પ્રકાશ — ૦ —

આજ હુ તો પરણ્યા પિયુથી રીસાણી,
મને મોહનજી આવી મનાવશે.
પાછળથી આવી એ પકડે પાલવડો,
હુ—કહીશ મોહનજી મુકોને કેડલો.
બોલ મારી મીઠડી ! બોલની રસીકડી ! એવુ કહીને બોલાવશે,
વ્હાલમના વેણુ મારા ચિતડાના ચોર, મારા મીઠા કળાવલ મોર.
કહેશે જો કંથ મને વગડાનુ ઢોર
તોય હુ કહીશ કાળજાની કોર ક્યારે આવશે.

કામલતા. —૦.—

આપ પાપડ વાડીમા પધારજો લ્હેરીલાલ
મંદીરની સામે મકાન છે, નીચે દેશી દારૂની દુકાન છે
રંગરંગીલા ચાન્દ મારી પાડોશમા તુલસી ક્યારાનુ નીશાન છે,
છજામા તુલસીના ઝાડનું નીશાન છે.—લ્હેરીલાલ.
અખંડ ને અભંગ આજ માજ પહેલા પધારજો
હડતાળવાળાનુ તોફાન છે. જબરૂ હડતાળવાળાનુ તોફાન છે—લ્હેરીલાલ.
જોખમ ભરેલુ કામ પુરી પંચાત છે. ધાસ્તી છે આફતમા
જાન છે, મારા બાપ ધાસ્તી છે—લ્હેરીલાલ.

માલતી માધવ. —:૦:—

ચાલ...ચાલ ..ઓ અલબેલી, વળી વળી પાછુ જુવે શુ પ્રેમ ઘેલી
તારા ઉરમા આનદની હેલી, મારુવી, તારા ઉરમા આનદની હેલી,
મળ્યા હવે ભેગા, ચંપો ને ચપેલી . ..ચાલ ચાલ;
મારા પગના ઝાઝરની ખીલી, વારે વારે પડની ઢીલી
(ખીલી જેવી ઢીલી, એવી તુ એ છે હઠીલી, હવે ચાલ?)
(આ, આવિયે છીએ) . . .. .ચાલ.

ખલ્હચાબઇ —૦—

રાજ સામી સાજના આવજો, સામી. સડકપર બંગલો,
મીઠા મ્હેમાન આજ આવજોરે—સામી૦
પ્રીતિ સરોવરની પાળે પાતળીયા
અમીરસ પીજો પીવરાવજોરે—સામી૦
ક્યાને ક્યારડે મ્હેકે કસ્તુરી
લ્હેરખડા લુટજો લુટાવજોરે—સામી૦

છત્ર વિજય —:૦:—

પાતળીઆ પાલવ છોડો કોઇ જોઇ જાશે,
—નખરાળા શીદ તરછોડો મારો જીવ જાશે.
બાળી ભોળી હુ બાળ કુવારી,
બાળો ભોળો હુ છુ બ્રહ્મચારી,
છોડો છોડો મારો હાથ મરડાઈ જાય છે.
આના આવા ચાળા જોઇ લોહી થાય છે.
કાં શું થાય છે? (મારો જીવ જાય છે, અરે હાય હાય હાય)

બુદ્ધદેવ — ૦:—

પિયુ પિયુ પોકારતીરે, પપૈયા વધુ ઝુરે વનમા,
વિરહ અગાર ઉડે તનમા, અતિશય બળી રહી મનમા –પિયુ
ખીલતી આ કળી કુસુમની, ભોગી વિના કરમાય,
ઝુકતી આ લલિન પાખડી, ભોગી મધુકર મ્હાય–પિયુ૦
બાળા રસાળી અંતરે, આકુળ વ્યાકુળ થાય;
નમ્ર નવોઢા નૌતમ રમણી, રસિક નરવર મ્હાય,
હસણી દુખી થતીરે, કોમળ માનસ ઉપવનમા–પિયુ૦

વસંત પ્રભા. — ૦ —

કેડયો મુકોને કે મારો કથ કોડીલારે
રાખો જરી મરજાદ, હો રગીલારે જોગી.
પાલવ છોડો મારો માહ્યબાજી શાણારે,
લોક દેખને મરૂ લાજીરે, હોજી રસાલારે જોગી.
સાનમા સમજો કાઇ ઝાઝુ શુ કહીરે,
દીલની ચોગી શુ જગ જાણેરે, હોજી રસીલારે જોગી
પ્રેમ મીઠી કરીને પીજીએ હોજી રસીલા જોગી.

બુદ્ધદેવ —:૦:—

ફુલની પાખડી લ્યો પ્રાણ, ગણી અંતરની ઓળખાણ—ફુલની.
શ્યામ સલુણા અમ ઘર આવ્યા, શા કરીએ સન્માન,
નાથ નગિના પરિમલ ભીના, મન માન્યા મેહમાન—ફુલની.
ઝાઝુ શુ કહીએ સમજુને, સખી નયનના બાણ,
વિમળ કમળ આ સરવર જળનુ, ભોગી ભ્રમર સુજાણ-ફુલની.

કુમારપાળ. —:૦:—

પ્રેમ તંત્ર અણમોલ સખી એ શીખવ્યા નવ શીખવાય,
કોઈના શીખવ્યા નવ શીખવાય.
પડે સમજ અનુભવે આવડે, કાન્ત મિલન જ્યા થાય,
એકાન્તે કાન્ત મિલન જ્યાં થાય -સખી.
પ્રિયતમને જોતા શરમ ચડે, ધડકે ઉર પાછા ચરણ પડે,
ત્યા શા શીખાવે પ્રણય તત્ર, જ્યા નયને મદ ઘેરાય;
હઠીલા નયને મદ ઘેરાય—સખી.
પણ જ્યા જરી આખથી આખ મળે, પળમા ઉર એક બીજા ઉછળે
અધીરા હ્રદયેથી હ્રદય મળે, ત્યા રસ સાગર છલકાય
સ્નેહથી રસ સાગર છલકાય.

નવલ-કુસુમ—રાગ—ગરબો (બેન્ડ સાથે)

ભાન ભુલ્યા છો રાજ, મુખડાની મલકે, (૨)
કામણગારી કીકીની હલકે હઠીલા રાજ (૨) ભાન ભુલ્યા છો.
ઝાઝરને ઝણકે, નેપૂરને રણકે, (૨)
જોબનીયાની ભુરકીની ભનકે, હઠીલા રાજ (૨)ભાન ભુલ્યા છો.
હાથને લટકે, ચાલને ચટકે. (૨) પતલી કમર કેરે કટકે—હા.

જલસા સગ્રહ–રાગ, ખમાચ, દાદરો!

કાંઈ લટક લટક ચલત મોહન આવે ભાવે,
અધુરી, અધુરી, મધુરી, મધુરી, મોરલી બજાવે-કઈ.
બાંધે કમરીયા હાથે લકરીયા બનમે ગઉવા ચરાવે,
સાવલી સુરત મોહની મુરત, મૂખશે બિન બજાવે-કઈ.

મી. મુરાદઅલ્લી -ઊસ્તાદી–ભજન.–

મદીનમે મોહંદ આયો દીલભર સચ્ચો દીન જગાયો,
સરવર સચ્ચો દીન જગાયો—મદીં
જુમમ્મેકી રાતકો જન્મજ ધરીયો, અમીના ઘર જાયો
દાઈ હલીમા પાલના ઝુલાવે હુરાયે મગન ગાયો,
અબદુલ્લા ઘર અનત વધાયો—મદીને
નબી મોહમદ ચઢે મેહેરાજકુ ચોથે અરશપે આયો,
ચોથે અરસપે એક શેર ખડા થા, અગુઠી નબિસે પાયો,
સુદત પરદેમેં દીખાયો.—મદીને
ઉસ પરદેમે નબીકુ બીઠાયો, અનહક ભેદ બતાયો,
આશુક માશુક દોનો હીલમીલ બૈઠે, આશુક માશુક મન ભયો,
નબીજી મહેરાજ સીધાયો.—મદીને
નૂરકી પગરી નૂરમ જામા, નૂરકી સેજ બીછાયો,
નૂરકા સેહરા, નબીજીકે શીરપર મોતીયન મેહ બરશાયો,
નબીજી મહેરાજસે આયો.—મદીને
કલમા પઢો નીત નૂર નબીકા, કલમે-દીન સોહાયો,
ઈલાહા, ઈલ્લીલાહા મોહમદ રસૂલીલ્લાહ, કલમા મુખપાક પ
નીરોશા તેરે કદમોમે આયો—મદીને

સરદારબા. —કજોડાની કહાણી—

કોને કહીએ કજોડાની કહાણીરે, જેમ બળદ પીલાયે ઘાણીરે,
લોક વગોવે ને સાસુ સતાપે, વળી પીયુડો છે પામર પ્રાણીરે.
હું જોબન રશ ઝુલતી, પણ જોડીની ખોડ,
પીયુડો રમે લખોટીયે કરતો દોડા દોડ.
જગદીશ ! હવે ગભરાણીરે, સહાય કરજો શ્રી સારંગ પ્રાણીરે

રામગ્રાફ ન ૫૧૨ -ઉસ્તાદી ભજન-

અલી જીકરલે, મુરખ મનવા પીછે તુ પછતાવેગા,
... . રે ભાઇ, પીછે તું પછતાવેગા
ઇસ દુનીયામે કહેત કબીરા ફેર જનમ નહિ પાવેગા[૨]—અલી
દેરે દીલાવે નામ મૌલાકે, દેવેગા તો પાવેગા,
... .. . રે ભાઈ દેવેગા તો પાવેગા.
ગયા વખત ફેર નહિ મીલનેકા, ખાલી હાથેજાવેગા[૨]—અલી.
દુનિયારે દૈલત માલ ખજાના સગ ન તેરે આવેગા
.. . રે ભાઇ સગ ન તેરે આવેગા
મહેલ મહેલીયા, બાગ- બગીચા, સબ છોડકર જાવેગા[૨]—અલી
હાથીરે ઘોડા ફોજુરે લશ્કર ઘરકુલ્સે ચૌકી બીઠાવેગા,
... . રે ભાઇ ઘરકુલ્સે ચૌકી બીઠાવેગા.
દીલકે ભીતર તનસે મનડા, જમરા જીવ લે જાવેગા[૨]-અલી.
રોજ મહેશરમે, નિશદીન બોલે, પાક મોહમદ આવેગા,
... .રે ભાઇ પાક મોહંમદ આવેગા.
નબી મોહમદ મુસ્તફા, કુલ્લ આલમકુ બતાવેગા.—અલી
(સલામ આલેકુમ)

પૃથ્વી પુત્ર. —:૦:—

આવી આવી વસતની બહાર, સુતી મારી સેજલડી,
તોયે આવ્યા ન હૈયા કેરા હાર, સુની મારી સેજલડી.
લાવો લાવો સમજાવી, સુંદર શ્યામ શ્યામ શ્યામ,
આવો આવો અંતરના આરામ, સુની મારી સેજલડી.

સાખી { મીઠા બોલી કોકિલા કરે મધુર ટહુકાર,
વીરહે વ્યાકુળ વલ્લભા દેતી શ્રાપ હજાર.

મનગમતા મોહન લાલા, અંતર છો વિહવળ વ્હાલા,
પ્રીતિ ધારા વરશાવો, શાને તરશાવો,,
ફુલસૈયા સોહાવો, ફુલબાણુ વિંધેપ્રાણ–આ સુની મારી સેજલડી.

મીસ પ્યારીજાન. —રાગ કહેરવા—

અપને ખ્વાજાકી મે જોગન બનીરે હો (૨)
જોગન બની, બેરાગન બનીરે (૨) અપને ખ્વાજા—(૨)
તુટાસા કુવા નીરખારે, હોય ચમેલી ફુલ,
સબ સખીયન મીલ સહેરા ગુંથે, પહેને નબી એ રસુલ
મે તો જોગન બનીરે, અપને ખ્વાજાકી—
પત્તા તુટા ડાલસેરે, લેગઇ પવન ઉડાય.
અબકે બીછડે કબ મીલેંગે, ઉપરે લે જાય–મે તો જોગન–અપને.
પત્તા ઝુકાજા ટેહનીકે નીચે, બનાયે પાચો ફુલ,
ઉપરકે પત્તે સબી ઝુકેરે, પહેનાયે નબી એ રસુલ–મે તો.

પ્યારા સાહેબ—રાગ, આશાવરી—

કરલે સીંગાર ચતર અલબેલી, સાજનકે ઘર જાના હોગા. (૨)
માટી ઉઢાવન માટી બીછાવન, માટીમે મિલ જાના હોગા–
નહાલે ધોલે શીશ ગુથાવલે, ફીર વ્હાંસે, નહી આના હોગા–ક૦

વિક્રમચરિત્ર —:૦:—

કોઇ દુધ ભ્યો દીલરંગી, શીખીલા શાણા ઉમંગી—હાં કોઇ
કેશી પીયે કસુંબલો, ગાંજો પીયે અબુધ,
શુર તો દીવાના પીયે, ડાના પીયે દુધ.—હા કોઇ
એક અમીરસ દેવનો, બીજો રશ છે પ્રેમ,
ત્રીજો રશ ગોરશ ભલો, પીયે કયા હેમ—હા કોઇ.
ગોરી ગવરી ગાયના, ગોરા મીઠાં દુધ
હું પણ ગોરી ગોરડી, ગોરૂ દીલ છે શુદ્દ—હા કોઇ.
હેમ કટોરો હાથમા, માહી અમૃતમાર
ચતુર હોય તે ચિંતવે, ગુણ સમજે ન ગમાર—હા કોઇ.

મીરાબાઇ —રાગ ગરબો—

ગોકુળીયે લઈ ચાલો, ઓધવરાજ હમને, (૨)
આણી તીરે ગંગા ને પેલી તીરે જમના. (૨)
વચમા ગોકુળીયું છે ગામ—ઓધવરાજ હમને (૨)
થોડા થોડા જળમા માછલીયા રે તપશે
તલપ તલપ જીવ જાએરે—ઓધવરાજ હમને (૨)
ઊંડા કુવામા ઉતાર્યારે હમને (૨)
મેલી ઠેલી શીદ જાઓરે—ઓધવરાજ હમને (૨)
શેરી ભલી પણ સાકડીરે, નગર ભલા પણ દુરરે—ઓધવ૦
હમારા સાસરીયામા દુખડારે દીધા, ભલે મારે મહીયરે વળાવોરે,
ઓધવરાજ હમને (૨) ગોકુળીયે લઇ ચાલો.

ન્યાયસિંધુ. —૦:—

નદલાલા કૃષ્ણ મોગરી, ગોકુલકે જાનેવાલે,
મથુરાકે રહેનેવાલે—નદલાલા
અયસી બસિયા તુને બજાઇ, સબ સખિયનકે મન ભાઈ,
ગૌએ શરન તેહારે આઈ, કાનાકાલી કમલી વાલે—નદલાલા

સુકન્યા સાવિત્રી. (નાતરીયા ન્યાતનો ફજેતો)

નવ ગમે ઘરબાર, ભરી દુખની વખાર,
બળ્યો સંસાર નાતરીયા ન્યાતનો
..દીઠું નારનું બજાર, વ્હોરી વ્યર્થ વહે ભાર,
જેમા મળે નહીં મેળ કોઇ વાતનોરે—બળ્યો
કેમ કરી થાય કહો પ્રીતિ પરાણે,
"કરે જીવતાં મોહકાણ મુવે હોય તાણાતાણ."
...ભાઈ બાઇનો વ્હેવાર ચાલ લાતનોરે—બળ્યો

કુસમાવતી —ભજન—

ભલે જન કોટી યત્નો કરે. નસીબના લખ્યા લેખ ના ટળે
પાપીયા પાપી પગલા ભરે, અતમા માથુ પટકી મરે
હરિશ્ચંદ્ર મહારાજ જુવોને, નિચ ઘેર સેવા કરે
થઇ સેવકી સતિ લેખથી ગુમાન શાને કરે—નશીબ
પાન્ડવ સરખા ધમ ધારી પણ, વન વન રવડી મરે
ચીર હરણ થયા સતીનાં પ્રભુ કૃપા ત્યા કરે—નશીબ
સતીયા સુરજન ભલે કુજનથી, કદી પીડતા ફરે
સત્યમેવ જયતે સમજજો ન્યાય નીયતા કરે—નશીબ

મીરાંબાઇ રાગ, ભજન—પદ.

ઝુલત રાધા સંગ, ગિરિધર ઝુલત રાધા સગ,
અબીલ ગુલાલકી ધુમ મચાઈ, ભર પિચકારી રંગ.—ગિરીધર•
લાલ ભઇ બિંદ્રાવન જમુના, કેશર ચુવત અંગ "
નાચત લાલ અધ્રર સુગ્રશભર, ધિમી ધિમી બાજે મૃદંગ"
મીરા કહે પ્રભુ ગિરધર નાગર, ચરન કમલ કુદંગ.

કબીર ભજન. —રાગ પદ—

તુહી રામ તુહી રામ તુહી રામ, તારો ચરખો બોલે રામ નામ,
ભજ તુહીરે નીજ તુહી રામ તુહી,
ચરખો મારો અજબ રંગીલો, પુણીઓ લાન ગુલાલ,
કાતનેવાલી છેલ છબીલી, આકાશ નાખે તાર. અરજી સુણજો મોરીરે.
રૂ પીંજાવવા હુ ગઈ, તુમ પીંજો પીંજરા બાઇ,
પીંજન પીંજોરે કોઈ ખા ગઈ, કાઇ દાસ ગુરૂ સમજ બતાઇ.
જળ ઉપર જળ નિપજેરે, જળમા કીધો વાસ,
એક અચબો મે સુણ્યો કાઇ બેટી જનમ્યો બાપ.
બેટી પુછે બાપકુ તુ અજાણ્યો વર લાવ;
અજાણ્યો વર ના મળે તો તારે મારે ઘરબાર.
માતારે મરજો પીતારે મરજો મરજો ઘર ભરથાર;
એક ન મરજો પીતારે મારા ચરખાનો ઘડનાર.
રામદાસનો ભણે કબીરો આ ચરખો કહેવાય;
આ ચરખાને જે કોઈ ફેરવે, તેનો જન્મ મરણ મટી જાય.

રાજકઠીયારાની વાર્તા— (રાજકઠીયારો નોવેલમાંથી)

—રાગ–દોહરો—

ભારતખંડમાં સુદીરગામ, ક્ષત્રિઓનું મોટુ ધામ।
જનજા નામે પૂરનો ધણી, સંનામે રાણી પદમણી।
એક દીવશ નિશાએ રાય, પાસે રાણી ચાપે પાય,
રાતદીવસનો પડયો વિનાદ। હોડ કરી કીધો સંવાદ।
ચડા ઉતરી એને થાય, રાજા હઠમા આવિ જાય,
હાજીઆએ 'હાજીહા' કરી, કાળીરાત અપારા ડરી।
ગર્ભવતી ગુણવતી નાર, મૂકી રાત્રે વન મોઝાર।
રોતી પીટતી રાણી ગઇ, વનમા પ્રસુત પીડા થઇ।
જાયો કુવર કન્હૈયો કહાન, જાણે બીજો ભૂપ નિશાન।
પણ પતી વિણ સતીનુ મન કચવાય, જુવે પુત્રને રોવાઇ જાય,
રાણી શૌક અધિક મનધરે, દીકરો લઈ દક્ષિણ પરવરે,
ભુખ દુખના આવ્યદીન સતી નુ શરીર થાતુ ક્ષિણ.
પુત્ર ઉગારી માતા મરે ગીધ્ધિ સ્વર્ગ વિશે સચરે।
મરના માદળીયું દીધ હાથ, માતાએ આશિષ સગાથ,
કુવર પછી કઠીયારો ઠર્યો પીતા ક્રોધથી કુવરી વર્યો
સતિએ દળદર કાઢયુ દૂર, ત્યાથી આવ્યા શ્રી સિદ્ધપુર
કપટે—કથ વગડે ઉપડે—(ને)—સતી સસગને પાલવડે
—કહો જોગી પતી કહા જઇ રહયા ?=જંગલમા જોગી થઇ ગયા
—કહો જોગી સમરાનુ શુ થયુ ?=પુત્ર વધુ પર ચિત્તજ ગયુ.
×કુવર તાતથી કેમ પમાય ?—સતિને પતીનો સમા ગમ કયા થાય ?
=ઉત્તર સામી આંખ્યો કરો દક્ષિણ સામી પીઠજ ધરો
=જ્યો પીતા શ્રી જોધાણ નાથ લેસતી તૂજ પતિનો હાથ.





શ્રી નારાયણ.



મ્યુનિસિપલનાં લાચીયા અમલદાર—(ભાષણ બાદ)

અમલદાર ગંગાજળ જેવો, હું ચોખ્ખો છું ચટ,
ના આપે તેનું ના લઇએ, એવા ભોળા ભટ
કેને રડાવી કેને દુબાવી કેને સમજાવી, કેને ધ્રુજાવી ભરૂ ખજાના ફટ,
પહેલા નાણા પછી વાત, નહિ નાત ! કે જાત,
વળી દીવશ કે રાત, ભરૂ પેટ ભલી ભાત,
એવી શાસ્ત્રી બાવાની લટપટ —અમલદાર

નરસિંહ મહેતાની હુંડી.

—રાગ લાવણી—

નરસી મેહેતા ભગત હરીના, જુનાગઢના રહેવાશી,
હુંડી કરાવવા આવ્યા ગામમા ચાર જણા તીરથવાસી—ટેક
આવી ગામમા પુછવા લાગ્યા, મોટા શેઠ શાહુકારોને,
સાતસે એક રૂપીઆની હુંડી દ્વારકામા આપો અમને,
સરવ મળી મનસુબો કીધો મોકલ્યા મહેતા નરસી કને,
તે તમારી હુંડી સ્વીકારે લાગ્યા મશ્કરી કરવાને
નરસી મેહેતાને ઘેર આવ્યા ચાલી, બેસાર્યા છે આસન આપી
મેહેતા વાત પુછેછે પહેલી કયાથી આવ્યા કયા જાવ છો ચાલી,
અમે નીકળ્યા તીર્થ કરવા દ્વારકાથી જાશુ કાશી—હુંડી ,કરાવવા.
હળવે રહીને કહે પરદેશી મહેતા વાત મારી સાભળો,
ઘેર તમારે રૂપીઆ ભરીયે તેની હુંડી કરી આલે,
સાતસે એક સુરતી સીક્કાના, થેલી લઈ ઘરમા મુકો,
કાગળનો કટકો લખી આલો તે પર હુંડી કરી આપો.
મેહેતા થઇને પત્ર લખે છે સુરજની માહી શાખ કરે છે,
શામળસાનુ નામ ધરે છે આપશો તો મારી લજ્યા રહેશે,
કાગળનો કટકો લખી આલ્યો ત્યાથીચાલ્યાપરદેશી—હુંડી કરવવા.

પરદેશીને પથ વળાવી મેહેતા વાત પુછે સઉને
આ ધનને આપણે શુ કરીએ ખવરાવી દો સત સાધુને,
ઘી ખાંડને લોટ મંગાવ્યો લાગ્યા રસોઇ કરવાને,
ભાવતા ભોજન આપે બનાવી થાળ ધરાવ્યો ઠાકોરને
શો એક સાધુ થયા એકઠા, ફેકી દીધા છે સઉના એઠા,
મેહેતા હતા તેવા થઇ બેઠા નાહી ધોઇ મંદીરમા પેઠા,
હાથ જોડીને અરજ કરૂ મારી લજ્યા રાખશો અવિનાશી—હુંડી કરાવવા
હવે વાત કહુ પરદેશીની થઇ—નીકલ્યા દ્વારકાની માહી,
મોટા મોટા સાહુકારોને પુછે શામળાની પેઢી ક્યાહી.
આતો નગરમા નથી શામળશા ઘેલા થયા કે અક્કલ ગઇ.
તેમ તેમ ફાળ પડે પેટમા રૂપઇયા મળશે કે નહી
ખોળા ખોળી કરે નગરમા નથી આવનુ કોઇ નજરમા,
ઠગ મળ્યો એક જુનાગઢમા, ખોટી ચીઠી લખી આપી હાથમા
હાથ કપાળે દઇને બેઠા ચારે જણા થયા ઉદાસી—હુંડી કરાવવા.
નરસી મેહેતાનુ વચન રાખવા શામળાશા રૂપીઆ લાવ્યા,
સામસામી થયા એકઠા પરદેશી ક્યાથી આવ્યા.
અમે નીકળ્યા તીરથ કરવા જુનાગઢ રૂપીઆ ભરી આવ્યા
ખોટી ચીઠી લખી આપી હાથમા—શામળશાને બતલાવ્યા.
અમે છિએ નરસી મહેતાના, લ્યો રૂપિયા સુરતી સીક્કાના.
નથી મેલા છે કોરા કકડતા, તમારા રૂપીઆ ખરી મહેનતના
સાતસે એક રૂપીઆ ગણી આલ્યા, ચાર જણા ત્યા થયા ખુશી—હુંડી કરાવવા.
શામળ જોગોપાળ કરે છે રૂપીઆ તમારા સંભાળજો.
ભરીપુરીને પામ્યા રૂપીઆ મહેતાજીને જઇ કહેજો
રખે દીલમા જગ હરખડના કામકાજ હોયતો કહેજો,
મંછારામ સત ગુરૂને શરણે સાચા ગુરૂને સંભાળજો—હુંડી કરાવવા.

સ્વર્ગ નીસરણી.

—ભજન—

ધન ધનરે આજે ધારણુ ધરીયા, દયા કરીને મદીર આવોરે રામ.
ધરમ રાજા ધરમપુરીમા બેઠા, વૈષ્ણવની વાર્તા કરેરે રામ
પાપી પાખડીને બાધી લાવો, વૈષ્ણવની રક્ષા કરજોરે રામ.
એમ કરીને ચાર જમડારે ચાલ્યા, મૃત્યુ લોકમા આવ્યારે રામ
પાપી પાખડીને કેમ ઓળખીએ, વૈષ્ણવ જન કેમ ઓળખીએરે રામ.
સવારના પહોરમા નહાવુ ને ધોવુ, પુન્ય ને દાન કાંઇ કરનારે રામ
એ એધાણીએ વૈષ્ણવ જાણવા, પાપી ચડાળને બાધી લાવોરે રામ.
એમ કરીને ચાર જમડરે ચાલ્યા, રાજાના હાડમા પેઠારે રામ.
પહેલોરે કહે છે હુ તો તાવજ થઇશ, રાજાના હાડમા પેસુરે રામ.
બીજોરે કહે છે હું તો વઇદજ થઇશ, રાજાની નાડીઓ જોઉરે રામ.
ત્રીજો કહે હુ તો જોશીરે થઇશ, રાજાના જોશ જોઉરે રામ.
ચોથો રે કહે હુ તો શેઠીઓ થઇશ, બજારે હાટ કાઢી બેસુરે રામ.
એમ કરીને ચાર જમડારે ચાલ્યા, રાજાના હાડમા પેઠારે રામ.
રાજાની દાસી તો વૈદ પોકારે, વૈદના વૈદ બોલાવોરે રામ.
મછારામ વેદ તમે અહીંજ આવો, રાજાની નાડીઓ જુઓરે રામ.
તાવ તરીઓ ને એકાતરીઓ, ઓથીઓ ઝમર ન જાણુરે રામ.
એમ કરીને એક પડીકી આપી, ત્યાહાને ત્યાહા ઘડીના થયારે રામ.
સગા વહાલા સરવે ટોળે થઇ બેઠા, અતરના સગા સોડમા પેઠારે રામ.
જીવ જતા એનો કોઇએ ન જાણ્યો, પલકમા દેહજ પડીઓરે રામ.
લીલુડા વાસની પાલખી બંધાવી ઉચકનારા ચારરે રામ.

ચાર જણા એની સાથે ચાલે, પુરૂષ પાલખી લીધીરે રામ.
ચકલા સુધી એને સગવે વળાવે, વ્હાલા વળાવી પાછા વળીયારે રામ.
પાછુ વાળીને પ્રાણી શુ જુઓ છો, કયારે ગયા સગા વ્હાલારે રામ
વ્હાલા વળાવી તારા પાછારે વળીઆ, વ્હાલી તે વન ફેગી કાઢીરે રામ
પહેલે પગથીએ પ્રાણી જેમ તેમ ચઢીયા, બીજે પગથીએ બાલા દીઠારે રામ.
આરે બાલામા હવે કેમરે ચલાશે, હવે શી ગતો થાશેરે રામ
બાલા દેખીને પ્રાણી થર થર કપ્યા, ધુમકે ધુસકે રોવા બેઠોરે રામ.
ભલો જમડો જીવને ફરી ફરી પુછે, શા કર્યા પુન્યને દાનરે રામ.
નથી કર્યા પુન્ય મેતો નથી કર્યા દાન, દયાનો મારગ ભુલી ગયોરે રામ.
હુરે શુ જાણુ આગળ વિપત પડશે, જમડા તો માર ઘણો મારે રે રામ.
લોહાની ગેડીઓ વતી પ્રાણીને મારે બરકા ને બુમો ત્યા પાડેરે રામ
બીજે પગથીએ પ્રાણી જેમ તેમ ચઢીયા, ત્રીજે પગથીએ ગોખરૂ દીઠારે રામ
આરે ગોખરૂમા હવે કેમરે ચલાશે, હવે શી ગતો થાશેરે રામ
જોરે જોડાના દાન કર્યા હોય તો, પ્રાણીને પાર ઉતારોરે રામ.
જોરે જોડાનો આનુગ્રહ આલ્યો હોય તો, કહેને ભાડે આણી આપુરે રામ.
ફરી ફરી મને શુ રે પુછોછો, નથી કર્યા પુન્યને દાનરે રામ.
ભલા તે જમુડાને દયારે આવી, જુનો જોડો એને આલ્યોરે રામ.
ભુંડા જમડાની નજરે પડયો તો, ધોલ્ર મારી ખુચી લીધોરે રામ
દૈવના ચોર તારે કાઈ હતા કેને, ઉત્તમ દેહીઓ તમને આલીરે રામ.
ફરી ફરીને હવે મનખો નહી આવે, લક્ષ ચોરાશીમા પડજોરે રામ
ત્રીજે પગથીએ પ્રાણી જેમ તેમ ચઢીઆ, ચોથે પગથીએ ભૂખો લાગીરે રામ.
આરે ભુખોથી હવે કેમ ચલાશે, હવે તો શી ગતો થાશેરે રામ.
ઓ પેલા ઓ પેલા ભડાર ભરીયા, તેમાથી શેર અન્ન આપોરે રામ

એકસોને બે વરસ સુધી કમાયોરે, ઉખલે બરડે ખાયુ રે રામ.
લક્ષાધીપતિરે ભાઇ જેરે કહેવાને, વહાણો જેને ઘેર ચાલેરે રામ.
તેમાથી કાઇ તારે હાથે આલ્યા હોય તો, તે તારી સાથે આવનરે રામ.
ચખુ ઝારીઓ તારી કોરેરે મેલાશે, ખોખરી દોણી સાથે આવેરે રામ.
ચોથે પગથીએ પ્રાણી જેમ તેમ ચઢીયા, પાચમે પગથીએ રૂધીર દીઠારે રામ.
આરે રૂધીરમા હવે કેમરે ચલાશે, હવે તો શી ગતો થાશેરે રામ.
જોરે ગાયોના દાન કર્યા હોય તો, તરીને પાર ઉતરોરે રામ.
નથી કર્યા પુન્ય મેતો નથી કર્યા દાન, દયાનો માગ્ગ ભુલી ગયોરે રામ.
પાચમે પગથીએ પ્રાણી જેમ તેમ ચઢીયા, છઠે પગથીએ થભ દીઠારે રામ.
આરે થભે પ્રાણીને બાથ ભીડાવો, અડધ બળ્યો અડધ રહ્યોરે રામ.
ભાઇરે વૈમાન તારા ઉભારે રાખ, તે તો શા કરીયા પુન્ય દાનરે રામ.
ઉનાળે જેણે પરબો મંડાવી, ચોમાસે આપ્યા વિશ્રામ ઠામરે રામ.
શીયાળે ડગલા ડોટીઓ આપી, ભુખ્યાને ભોજન આપ્યારે રામ.
બ્રાહ્મણ શ્રવણને મે તો સીધારે આપ્યા, તેને પુન્યે વિમાન મળીયારે રામ.
છઠે પગથીએ પ્રાણી જેમ તેમ ચઢીયા સાતમે પગથીએ કુડ દીઠારે રામ.
ચોરે બેસીને જેણે ચાડીઓ કીધી, જુઠી સાખ્યો ઘણી પુરીરે રામ.
એરે પ્રાણીને પેલા કુડમા નાખે, એની તે શી ગતો થાશેરે રામ,
કાન ખજુરા એના કાનમા પેસે, હાડીઆ આખ્યો કોચેરે રામ.
સ્વર્ગની નીસરણીના સાત પગથીઆ, ગાય શીખેને જે કોઇ સુણેરે રામ.
ભટ પ્રેમાનંદ એમજ કહે, વૈકુંઠ તેનો વાસરે રામ.

કેલઈયાનુ —ભજન—

શેઠ સગાળશા સાધુને સેવે વાણીઓ પાળે વ્રત
ન મળ્યા સાધુને રહ્યા અપવાશી તાળવાને આવ્યા તરત
કૃષ્ણજી કુડીયા પહેરીનેરે વેશ અતીતનો લઈનેરે,
ચગાવતીએ ચરણામૃત લીધા નવરાવીને નાથ.
પલગ ઉપર પધરાવીને સ્વામી કીધા સનાથ,
ખાને ભોજન ખીરના કીધારે પીરશીને આગળ દીધા
ખીર રોટલી અમે જમતા નથી નથી, અન્નનો આહાર,
બ્રાહ્મન લોક અમે માસના આહારી એમ બોલ્યા કીરતાર.
પાછો વચન બોલ્યા આતુરે સમજી લેજો સાચું,
કસાઈ વાડે જઈ કરીને છુપાવી લાવ્યા માંસ
ચગાવતીએ રસોઈ સુધારી પીરસીઓ પરસાદ,
વાયુ ઢાળે નરને નારીરે જમો તમે દેવ મોરારીરે.
અમેરે માટી માણસની જમીએ, પર નારી નવ પ્યાર,
અઘોર પથમા રહેવુ અમારે ખેલ ખાડાની ધાર
વાણીડા વર્તજ ફળશેરે આવી અવિનાશી મળશે,
માગ્યુ વેચાતુ માણસ ન મળે કઈએથી નહી હાર
માત પીતાએ પરીયાણુ કીધા, કેલૈયો સહાર,
વાતો તો રહેશે વીગેકે કેલૈયો નાથને લેખે
ભણવો ગણાવો બાગ્ય કલૈયા, માત કુમારી પનીત,
માત પીતા તારા મારવા બેઠા આગલુ આવ્યો અતિત
ધુતારો ધુતીને જાશેરે, પાછળથી પસ્તાવો થાશેરે,
એ શુ બોલ્યા ગુરૂજી મારા માવીતર છોડયા કેમ જાય.

નવ માસ જેણે ઉદર રાખ્યો, ગુણ ઓશીંગણ થાય,
ભકિત મારી શીરને સાટેરે, શુ થાશે મસ્તક માટે.
હુ બાગુનો ભોમી લાજે, બોરીગન ઝીલે બાર,
મેરૂ સરીખા ડોલવા લાગે આકાશને આધાર
મેહેરા મણુ માઝા મુકરે કેલૈયો સત્ય ન ચુકે,
માતાએ મુખના મીઠડા લીધા નાખીને નીશ્વાસ.
આવતો ઘરમા લીધોરે, મારવાને પરીયાણ કીધો,
એ શુ બોલ્યા માતાજી મારા નાખી નીસાસો આજ
સફળ મનખો કેલઇયાનો માન જમે મહારાજ,
ધન્ય ધન્ય આજનો દહાડોરે જુગતેથી જીવણને જમાડોરે
માત પીતાએ બને મળીને છેદ્યુ કેલઇયાનુ શીશ,
અણુઘટતી તો એણે કીધી જમાડવા જગદીશ
ખેલ રચ્યો ખાશોરે પ્રભુ હવે પારણુ કરો,
નાથ કહે મારી નજરે લાવો પુત્ર તમારે છે એક
મસ્તકની તમને માયા લાગી છે એમ અવીનાશી કેહ,
તમે છો નરને નારીરે જુવો મન વાત વીચારીરે.
ખાડણુ ખાટો મુખેથી હસો, કોરા પાલવ ફેર,
આખમા તમે આજણુ આજો, મનમા ન આણો મહેર
તમે છો સાચા સતીરે, એમ બોલ્યા જુના જતી,
મુસ્તક લઇ ખાડણીયામા ખાંડે પીતાને વળી માય.
આખોમા એમને આસું ન આવે, હરખે હાલરડા ગાય,
ભોજનીઆ તો ભાવશુ કીધારે, પીરસીને આગળ દીધા.
સત્યવાદી તમે સાચા સતી, સત્ય અમારે છે એક,

વાઝીઆનુ અમે જમતા નથી, એવુ અવીનાશી કેહ
તમે છો નરને નારી, જુઓ મન વાત વિચારી
સગાળશાના મનમા ચોરી, બીજુ નમળે બાળ,
ભગવાન અહીથી ભુખ્યા જાય તો નીશ્ચેખુટ્યો કાળ
બદગીઓ તો સતની કરીએ, નીકર વણુ માર્યા મરીએ.
શગાળશા કહે પુર્વ જન્મના પ્રગટયા અમારા પાપ,
ગુરૂ દુભાએ ગોતરી માર્યા મારેલા માને બાપ,
ડુગરીયે દવ લગાડયો, તે તો મારો ખેલ બગાડયો
ચગાવતી કહે પાચ મહીનાનુ મારે છે ઓધાન
ભલે આવ્યા સ્વામી ભાવે અમારા તમ સરખુ કામ,
ધણી મેતો તમને ધાર્યારે, તમે મારા ખેલ સુધાર્યા.
ચગાવતીએ છરી લીધી પાણી મરવા પેટમાય,
અચાનક નાડા ઉઠીને બડુ નામીએ ઝાઝી બાય.
સાચી છે ટેક તમારીરે, માગો હવે કે દેવ મેરારી.
કેલઇયાને સજીવન કીધો, એડો રમે છે બહાર,
પછી સની બોલ્યા વિચારી ભુદર દેજો ભકિત તમારી
બણુતો બણુતો આવ્યો કેલઈઓ લાગ્યો હરીને પાય,
માનાએ મોતીડે વધાવ્યો હેડે હરખ ન માય,
દાતારે તો દરશન દીધારે લ્હાના લાખેણા લીધા
શગાળશા શેઠ ચગાવતીએ એવુ ધરાવેલ નામ,
બાણુ પ્રતાપે ભણે રતનદાસ તેને તરછોડીએ કેમ,
મોહનજીને મળવાને માહેરે, જાવુ વૈકુઠની વાટે,

કાચબા કાચબીનું ભજન.

કાચબો અને કાચબી એતો હતા હરીના દાસ,
દરશન કારણે બારણે આવીયા રાખીને વિશ્વાસ
આવતાજ નજરે ભાળ્યા ઝાલીને બાંધી માર્યા,
કળકળમા તુ કાચબી કુડી રામૈયાની રીત છે રૂડી.
કાચબો કહે છે કાચબીને ભુડી તુ ધારણ રાખ ધીર,
આપણુને ઉગારશે વાલો જુગતે જાદવ વીર.
ચીતા મેલી ચરણે આવો મરવા નહિ દે માવો
વારે વારે તુને વારતી કથ મારૂ ન માન્યુ કેણ,
કાળ આવ્યો કોણ રાખશે તમે નીચા શુ દાજો નેણ,
પ્રભુ તારો નાવીયો પ્રાણી. માથે આવી મોત નીશાની.
અબળાને છતબાર ન આવે કરે કોટી ઉપાય,
કીધુ ન માને કોઈનુ ગાયુ પોતાનુ ગાય,
એવી વીશ્વાસની વાણી, પ્રથમ પહેલી મત છે પાની.
કચબી કહે કયા ગયો તારો રાખણ વાલો રામ.
પ્રાણ ગયા પછી પહોચશે, શુ કરશે તારો રામ,
મુવા ટાણે મતી મુઝાણી, તુટયા પછી ઝાલવુ તાણી.
ત્રીકમજી ત્રણ લોકમા મારે તમારો વિશ્વાસ,
અટક પડે ત્યારે આવજે મારા આતમના આધાર,
છોગાળાજી વાત છે છેલ્લી, થાજો અબળાના બેલી.
ત્યારે કાચબી કહે કોણ ઉગારે. તારો જાતો રહ્યો જુગદીશ
ચાર દીવસથી સળગાવીઆ, લઈને ઓર્યા વીચોવીચ,
આમાથી જો ઉગરીએ, પાની બહાર પગ ન ભરીએ.

બળતી હોય તો બેસ મારી પીઠ પર રાખુ તારા પ્રાણ
નીધા કરે છે મારા નાથની એતો મારે છે મુજને બાણ,
વાલો મારો આવશે વારૂ, આપણને તારવા સારૂ
કાચબી કહે કીરતાર ન આવ્યા અને આપણો આવ્યો અંત
હરી નથી કોના હાથમા તમે તે શુ બાધ્યો તંત,
જેનો વિશ્વાસ છે તારે તેનો પ્રતબાગ નથી મારે
વીઠલજી મારી વારે ચડજો શામળા મરજો સાર
લાજ લોપાશે લોકમા પછી બીજી કોની વાર,
હરી મારી હાસી થાશે, પ્રભુ તારી પનીત જાશે
ત્યારે કેશવજીએ કરૂણા કરી મોકલ્યો મેઘ મલાર
આધણમાથી ઉગારીયા બોલ્યા કાચબાને કીરતાર,
ભોજલ કહે ભરૂસો જેને, ત્રીકમજી તારશે તેને.

નરસિંહ મહેતા કૃત —પ્રભાતીઉ—

અખિલ બ્રહ્માંડમા એક તુ શ્રી હરી, જૂજવે રૂપે અનંત ભાસે,
દેહમા દેવ તુ તેજમા તત્વ તું, શુન્યમા શબ્દ થઇ વેદ વાસે ટેક૦
પવન તુ પાણી તુ ભૂમિ તું ભૂધરા, વૃક્ષ થઇ ફૂલી રહ્યો આકાશે,
વિવિધ રચના કરી, અનેક રમલેવાને, શિવ થકી જીવ થયો એજ આશે અ૦
વેદ તો એમ વદે, શ્રુતિ સ્મૃતિ શાખ દે, કનક કુંડલ વિષે ભેદ ન્હોયે;
ધાટ ધડિયા પછી નામ રૂપ જૂજવા, અંતે તો એમનો એમ હોયે અ૦
ગ્રંથ ગડબડ કરી, વાત ન કરી ખરી, જેહને જે ગમે તેહ પૂજે,
મન કર્મ વચનથી, આપ માની લહે, સત્ય છે એજ મન એમ સૂજે અ૦
વૃક્ષમા બીજ તું, બીજમા વૃક્ષ તુ જોઉં પટંતરે એજ પાસે,
ભણે નરસૈયો એ, મનતણી શોધના પ્રીત કર પ્રેમથી પ્રગટ થાશે અ૦

નરસિંહ મહેતા. —ભજન—

(રાગ આશાવરી)

વૈષ્ણવજન તો તેને કહીએ, જે પીડ પરાઇ જાણે રે,
પર દુખે ઉપકાર કરે ને મન અભિમાન ન આણેરે વૈષ્ણવ,
સકળ લોકમા સહુને વંદે, નિંદા તે ન કરે કેનીરે,
વાચ કાચ મન નિશ્ચય રાખે તો, ધન્ય ધન્ય જનની તેનીરે. વૈષ્ણવ.
સમ દૃષ્ટિ અને તૃષ્ણા ત્યાગી, પર સ્ત્રી જેને માતરે,
જીહ્વા થકી અસત્ય ન બોલે, પરધન નવ ઝાલે હાથરે વૈષ્ણવ.
મોહ માયા વ્યાપે નહિ તેને, દૃઢ વૈરાગ્ય જેન મનમારે,
રામ નામ શુ તાળીરે લાગી, સકળ તિરથ તેના તનમારે વૈષ્ણવ.
વણ લોભી ને કપટ રહિત છે, કામ ક્રોધને નિવાર્યારે,
ભણે નરસૈયો તેનુ દરશન કરતા, કુળ ઈકોતેર તાર્યારે વૈષ્ણવ.

દયારાકૃત —ભજન—

જે કોઇ પ્રેમ અંશ અવતરે પ્રેમરસ તેના ઉરમા ઠરે
સિંહણ કેરું દુધ હોય તે, સિંહણ સુતને જરે,
કનકપાત્ર પાખે સહુ ધાતુ, ફોડીને નીસરે પ્રેમરસ.
સકરખોરનુ સાકર જીવન, ખરના પ્રાણજ હરે,
ક્ષાર સિંધુનુ માછલડુ જયમ, મીઠા જળમા મરે પ્રેમરસ.
સોમવેલી રસપાન શુદ્ધ જે, બ્રાહ્મણ હોય તે કરે,
વગલ વશીને વમન કરાવે, વેદવાણી ઉચરે પ્રેમરસ.
ઉત્તમ વસ્તુ અધિકાર વિના મળે, તદપિ અર્થ ના કરે,
મત્સ્ય ભોગિ બગલો મુકતાફળ, દેખી ચંચુ ના ભરે પ્રેમરસ.
એમ કોટિ સાધને પ્રેમ વિના, પુરુષોત્તમ પુઠ ન ફરે,
દયા પ્રીતમ ગોવરધનધર પ્રેમ ભકિતએ વરે. પ્રેમરસ.

પ્રીતમકૃત–. —ભજન—

હરિનો મારગ છે શુરાનો, નહિ કાયરનુ કામ જોને,
પ્રથમ પહેલુ મસ્તક મૂકી, વળતી લેવુ નામ જોને
સુત વિત દારા શિશ સમરપે, તે પામે રસ પીવા જોને,
સિંધુ મધ્યે મોતી લેવા, માહિ પડયા મરજીવા જોને
મરણુ આગળે તે ભરે મૂઠી દિલની દુગ્ધા વામે જોને,
તીરે ઉભો જુવે તમાસો, તે કોડી નવ પામે જોને.
પ્રેમ પંથ પાવકની જવાલા, ભાળી પાછા ભાગે જોને,
માહી પડયા તે માહા સુખ માણે, દેખનારા દાઝે જોને.
માથા સાટે મોઘી વસ્તુ, સાપડવી નહિ સ્હેલ જોને.
મહા પદ પામ્યા તે મરજીવા, મૂકી મનનો મેલ જોને.
રામ અમલમા રાતા માતા, પુરા પ્રેમી પરખે જોને;
પ્રીતમના સ્વામીની લીલા, તે રજની દન નરખે જોને

મીરાંબાઈ —:૦:—

નહિરે વિસારૂ હરિ, અતરમાથી, નહિરે વિસારૂ હરિ,
જળ જમુનાના પાણીરે જાના, શિર પર મટકી ધરી—
આવતા ને જતા મારગ વચ્ચે, અમુલખ વસ્તુ જડી—
આવતા ને જાતા વૃદાવનમા ચરણુ તમારે પડી—
પીળા પીતામ્બર જરકસી જામો, કેશર આડ કરી—
મોર મુગુટ ને કાનેરે કુડળ મુખ પર મોરલી ધરી—
બાઇ **મીરાં** કહે પ્રભૂ ગિરિધરના ગુણુ, વિઠ્ઠલ વરને વરી—

રાવોભકત—માતૃસ્તુતિ. —રાગ પરજ.—

બેડો બાઈ બુડતો તારોરે, અમે આઇ પાર ઉતારોરે ટેક.
આ ખેપે હુ તો ઘણુ કમાયો, ભર્યો અનર્ગલ માલ,
મધ્ય દરિયા વચ્ચે તોફાન લાગ્યુ, શારે થાશે હેવાલ. બેડો.
ખલાશિયા તો ખડખડ કરે છે, મહા જુલમ મનમાય,
માલધણી વિમાશી રહ્યો છે, ડોલ્યુ દરિયામાય, બેડો.
મધ્ય દરિયા વચ્ચે ડોલ્યુ માતાજી, વહાણુને નથી વિશ્રામ,
એક નામનો આશરો તારો, કરો સેવકના કામ. બેડો
ઊચુ જોઉં તો આભ માતાજી, નીચુ જોઉં તો નીર,
બાળા શક્તિ મારી ખુમ સાભળજો, માજુ રાખોને શરીર. બેડો.
કુવાચરાની લેહેરો લાગી, મોજા તણી શી વાત,
અપશુકનીઆ વેળા આવીછે, ધાઓ ધાઓ અમે માત બેડો
હાથેથી હવે નેજા છૂટયા, શઢ પણ ડડા તોડ,
અત સમાની આ વેળા થઇ હવે, મોટે ભાલે કે મોડ બેડો
ડુગિરિયે તો દવ લગાડેયો, પૂર્ણ કિધેલા પાપ,
એક પહોરથી સ્તુતિ કરૂ છુ આવોને આપો આપ બેડો.
અરધુ વહાણુ મેં કીધુ સાક્ષી ઊંચો આભ,
આ અવસર આરાસુરી આવો, નથી ખાવો મારે લાભ બેડો.
જગત જનેતા સ્તુતિ સુણી થયા, વાઘ ઉપર અસવાર,
ઝાઝ ઉપર જઇ ત્રિશુળ ઝાપટયુ, તાયુ તે જળ મોઝાર બેડો.
વહેવારીયો તો અચરજ પામ્યો, આવ્યુ તે મનમા વહાલ,
કર જોડી રાવો ભકત ભણે છે, અરપી દીધો બધો માલ બેડો.

પ્રેમાનંદ કૃત —કુંવરબાઈનું મોમેરૂ—

રાગ ધનાશ્રી.

નરસૈ મહેતે ઘેર તેડાવ્યા, સગા તે વૈષ્ણવ સંતજી;
મોસાળુ લઈ આપણે જવુ, છે કુંવરબાઈનું શ્રીમંતજી
જુની વેલ ને ધૂસરી વાંકી, સાગી સોટા વાગીજી,
કોણા તળાયા કોની પિંજણીયો, બળદ આણ્યા બે માગીજી.
મહેતાજી મામેરે ચાલ્યા, સમર્યા શ્રીજગદીશજી,
ત્રણ સખિયો સધાતે ચાલી, વેરાગી દશ વીશજી
સંપુટ ત્રાંબાની ડાબલીનો, તેમા બાળ મુકુંદજી,
કંઠે હાર કરીને રાખ્યા, દામોદર નંદન નંદજી
વેલની પૂંઠે કોથળો બાંધ્યો, માંહી ભર્યા વાજિત્રજી,
ગાંઠડી એક ગોપીચંદનની, તુળશી કાષ્ટ પવિત્રજી
મોસાળાની સામગ્રીમા, તિળક ને તુળસી માળજી,
નરસૈયાને નિર્ભય છે જે, જેમ ત્રશે ગોપાળજી
બળહીણા બળદો શુ હીંડે, ઠેલે વૈષ્ણવ સાથજી,
સોર પાડે ને ઢાળ ચઢાવે, જેજે વૈકુંઠનાથજી
એક બળદ ગળિયો થઈ બેસે, આખલો તાણી જાયજી,
પડયાને પુંછ ગ્રહી ઉઠાડે, કૌતક કોટી થાયજી
સાલે સાલ જૂજવા દીસે, રથતણા બહુ વંકજી,
સાગીનો બહુ શબ્દજ ઉઠે, સૂચવે છે બહુ ચંકજી
ચડે બેસે ને વળી ઉતરે, લે રામ કૃષ્ણનું નામજી,
મધ્યાહને મહેતાજી આવ્યા, જોવા મળ્યું ઉના ગામજી.
શું જાણે વૈષ્ણવનો મહિમા, વિષયીપુરના લોકજી,
કોડ પહોતા કુંવર વહુના, મામેરૂ છે રોકજી.

'મહેતાનો સત્કાર' —રાગ મારુ—

સુણી શ્રીરંગ મહેતો આવ્યા ધાઇ, ભાવે ભેટયા બ ને વેવાઇ,
મળ્યો જમાઇ જમાઇનો ભ ત મળ્યો સહુ નાગરનો સાથ.
કપટે ભેટીને પાછા ખસે, જોઇ સામગ્રીને હસે,
ઉતરવા ઘર આપ્યુ એક, ઝ ઝા ચાચડ મચ્છર વિશેક,
ખાડા ટેકરા વસમો ઠામ ઉપર નળિયાનુ નહિ નામ.
કોણુ છાજ ને જૂની વળી, બીત્યો દાદશ બેવડ વળી.
ઝાઝા માકણ ઝાઝા જૂઆ, ત્યા મહેતાના ઉતારા હુઆ,
વેવાઇ ગયા ઊતારો કરી, બોલે હસણી નાત નાગરી
કુવર વહુનો વૈષ્ણવ બાપ, દર્શન કરીને ખોઇએ પાપ,
મેહેતાને જોવા હરખે ભરી, ઘેર ઘેરથી ચાલી સુદરી;
મન વિના મહેતાને નમે, સારં થયુ જે આવ્યા તમે;
માહો માહિ કહે સુદરી, મહેતો દીઠે દીઠા હરી
જુઓ સાથ કેવો ફુટડો, એને પરમેશ્વર ત્રુઠડો,
કુવર વહુનુ ભાગ્યુ દુ ખ, એવુ કહીને મરડે મુખ.
જુઓ બળદ મહેતાજી તણા, બગાઇઓ શબ્દ કરે છે ઘણા,
વજાડશે મ ડપમા ચ ગ, નાગરી નાતમા રેહેશે ર ગ.
આ ગાડ્ડી વળગાડી લટકે, તાળના જોડા બાં ધ્યા પટકે
તુળસી કાષ્ટતણો એ ભરો, હવે મામેરાનો શો ઉધારો,
છાબમા તુળશી દળ મૂકશે, ઉભો રહીને શ ખ ફુકશે.
વૈરાગી હરિના ગુણ ગાશે, એટલે મોસાળુ પુરં થાશે.

મીરાંબાઈ. —રાગ ભજન—

બોલમા બોલમા બોલમારે રાધાકૃષ્ણુ વિના બીજુ બોલમા. ટેક.
સાકર શેરડીનો સ્વાદ તજીને, કડવો લીમડો ઘોળમારે, રાધા.
ચાદા સુરજનુ તેજ તજીને, આગીયા સગાથે પ્રીત જોડમારે, રાધા
હીરા માણેક ઝવેર તજીને, કથીર સગાથે મણિ તોળમારે, રાધા
મીરાં કે પ્રભુ ગીરધર નાગર, શરીર આપ્યુ સમતોલમારે, રાધા.

મીરાંબાઈ કૃત —ભજન—

પ્રેમની પ્રેમની પ્રેમનીરે, મને લાગી કટારી પ્રેમની ટેક•
જળ જમુનામા ભરવા ગયાતા, હતી ગાગર માથે હેમનીરે મને
કાચે તે તાતણે હરજીએ બાધી, જેમ ખેચે તેમ તેમનીરે મને.
મીરા કહ પ્રભુ ગિરિધરનાગર, શામળી સુરત શુભએમનીરે મને

—(અજીતસિંહ)— —બ્રહ્મ ભજન—

અશરણ શરણ! ધરણ ધારણ! ઇશ તારણ! તરણ કૃપાળ!
ચરણ સ્મરણથી તરણ વરણ! પણ ગિરીવર ગહન દયાળ,
જનમન રંજન ભવ ભય ભંજન, ચિદ્ઘન જગ રાયા;
શકળ અખિલ દુખ દલન, કરન વિભુ! અકળ આપમાયા
અમલ કમળ સમ લોચન, મોચન ત્રિવિધ તાપ અજ્ઞાન,
મુનિજન મન સગવર,નરવર, ઇશ હશ અજર જગ ભાણ,
નાથ નિરંજન! પરમ બ્રહ્મ! સુખદાયક કલ્પ સમાન
પ્રણમિ ચરણ વિનવુ જગ વદન! કરો અખિલ કલ્યાણ,
• અચ્યુત કેશવમ્ રામ નારાયણમ્
શ્રીધરમ્માધવ ગોપીકા વલ્લભમ્ રામનારાયણ હરીમ્



બીસ-કાલીજાન—રાગ, જીલાકી ધુન, તાલ, લાવની.

નાજસે દેખો ઇસારા કરતે જાતે હય,
હમારે દીલકો નાઝકસે ઇશારા કરતે જાતે હય
વહ ચરકે દેતે જાતે હે, જફા યે કરતે જાતે હય
જીગર તો દેખીય હમ અબ, ગવરા કરતે જાતે હય
ઈલાહી ઇસ્કને હમકો યહ કૈસા કર દિયા મજનુ,
કે અબ તો દોસ્ત-ભી હમસે- કનારા કરતે જાતે હય

નઈ, ગઝલ—"મેરે મૌલા બુલાલો મદીને મુઝે;"

મેરે મૌલા બુલાલો મદીને મુઝે,
ગમે હીજર તો દેગા ન જીને મુઝે,

કાફલે વાલે સબ ગએ મય હાથ મલતા રહે ગયા,
જાન તડપતી રહે ગઈ ઔર દીલ મચલતા રહે ગયા.
લીયા સાથ ન અપને કીમીને મુઝે, મેરે મૌલા બુલાલો મદીને મુઝે.—૧
દેખીએ કીસમત મે લીખી હૈ જયારત યા નહી,
દેખીએ રોઝે પે હજરત બુલાતે હે યા નહિ,
થોડી સોચ હે બારા મહીને મુઝે, મેરે મૌલા બુલાલો મદીને મુઝે,—૨
અય અજલ મત જાન લે રહે જાન બહોત મુસકીલમે હૈ,
જાન દુ રોઝે પે-રહે અરમાન મેરે દીલમે હૈ,
કોઇ દીન અભી ઔર દે જીને મુઝે, મેરે મૌલા બુલાલો મદીને મુઝે—૩
હીદસે યા સાકીએ કૌસર બુલા લીજે મુઝે
એક પ્યાલા આબે જમજમ કા પીલા દીજે મુઝે,
મરે હીજર મે પીને ન આસુ મુઝે, મેરે મૌલા બુલાલો મદીને મુઝે,—૪

યા મોહમદ મુસ્તફા તસકીન તો કીજે મેરી,
આતીશે ફુરકત મે જલતા હુ ખબર લીજે મેરી,
લગ ગએ માતક આને પસીને મુઝે, મેરે મૌલા બુલાલો મદીને મુઝે,—૫
ફીરસે દુન્યા મેકડો હય એક હશરતે દીદાર હૈ,
મય મુસાફીર હુ અકેલા તેરિ મદદ દરકાર હૈ,
કોઇ રાહમે લુટ ન છીને મુઝે, મેરે મૌલા બુલાલો મદીને મુઝે,—૬
માર ડાલા ઇસિ વતન ને, ઔર હિંદુસ્તાન ને,
મુફલસી ને બેકસીને શૌકને અરમાન ને,
દીએ રંજપે રંજ સભીને મુઝે, મેરે મૌલા બુલાલો મદીને મુઝે—૭
આસ્મા થામે જમીન પકડે વતન રોકા કરે,
મય ન ઠયરૂગા ન ઠયરૂગા કોઈ ચીખા કરે,
કીયા યાદ હે મેરે નબીને મુઝે, મેરે મૌલા બુલાલો મદીને મુઝે,—૮
અરકે હસરત રાત દીન આખોસે મય બરસાઉગા,
નુર ઇન્શા અલ્લાહ આખોસે મય મદીને જાઉગા,
લેકી જાવેગે લેક સરીને મુઝે, મેરે મૌલા બુલાલો મદીને મુઝે,—૯

ગઝલે-નાઅત તર્જે-કવ્વાલી—

તોડીદ્યા ડંકા આલમમે, બજવા દીયા કમલીવાલેને.
કુલ લાએલાહા ઇલલ્લાહ, ફરમાદીયા કમલીવાલેને.
જબ ચદરએ અનવર કમલીસે, ચમકાદીયા કમલીવાલેને.
ઘનઘોર ઘટામે સુરજકો, શરમાદીયા કમલીવાલેને
દિલ એસે રંગીનેકે સદકે જા, ઓર એસે હસીનેકે કુરબા.
હટ કરકે ખુદાસે ઉમ્મતકો, બખશા દીયા કમલીવાલેને.
બનગનકે ગયે મેહાજકી શબ વલ્લેલકી છપની ઉસપે ગઝબ.

જન્નતકી હુરે ગીલમા કો, તલપાડીઆ કમલીવાલેને.
ઝુલફોકી મહકને મસ્ત કીયા, ચિતવનકી ઝલકને દીલછીના.
હરતરહકી બાકી અદાઓસે, લુટવા દીયા કમલીવાલેને.
પીપીકે પ્યાલે કોસરકે, લુટીંગે મઝે જી ભરભરકે.
ઇન્ના આતેના કલકામર, ફરમાદીયા કમલીવાલેને
વોહ કમલી અજબ લા કીમતથી કીમ નાઝસે હકને સરપે ધરી.
સબ ઝન્કે દોશાને વાલેકો, શરમા દીયા કમલીવાલેને.
જમ હકકી તરફસે ઉમ્મતકો, મેરાજકી શમ ઇન આમમીલા
ખુશહોકે દામન કમલીકા, ફૈલાદીયા કમલીવાલેને.
ખુશકીમે તરી પેદા કરદી હરશાખ હરી પૈદા કરદી.
મહીં બાગે જહામે રહમતકા બરસા દીયા કમલીવાલેને.
ગએ અર્શપે કુબ હુઆ હાસીન, અલ્લાહસે જાકે હુએ વાસીન.
કયા જાને ખુદાકો જાકર કયા સમઝાદીયા કમલીવાલેને
ઇસ્લામ **મીલા, ઇમાન મીલા,** પઢનેકોહીએ કુરઆન મીલા.
જુલ્તકો જો કુછ દીલવાનાથા, દીલવાદીયા કમલીવાલેને.

ગઝલે-જલીલ-કવ્વાલી—

તલવાર ખીંચકે પજએ **કાતીલમે** રેહ ગઇ
બીસમીનકી આરઝુ દીલે બીસમીલમે રેહ ગઇ
ઝોકા જબ આ ગયા કોઇ **મજનુકી** આહકા
લયલા તળપકે પરદએ, મેહમીલ મે રેહ ગઇ.
શીરની - રહી નીગાહમે તસવીર યારકી
આખીર ઉતરકે આખસે, વો દીલમે રેહ ગઇ.
કાતીનકા- હાં—હાથ, રૂકાભી તો કબ રૂકા—

થોડીસી જાન જય તને, બીલમીલ મે રેહ ગઇ
અય તેગે નાઝ ઇતનીભી તેઝી ન ચાહીએ
દીલ્હરકી હવસ દીલે બીસમીલ મે રહ ગઈ.
ખજર ઇધર ખીંચા ઉધર આહે ખાચી મગર.
થોડીગી ચલકે બીસમીલ વ, કાતીલ મે રેહ ગઇ.
ચલની હે તેગે નાઝ મઝે લુટલે જલીલ.
કહેના ન ફીર કભી કે હવસ દીલમેં રેહ ગઇ,

મઝલે–મુઝતર–કવ્વાલી—

મીલનાથા તો મીલ જાતે, ઊસ નુરે મુજરદસે.
ક્યુ જાકે ચલે આએ. દરબારે મોહમદસે
અલ્લાહકે પરદેમે, રેહદતકે સીવા ક્યા હય
જો કુછ હમે લેનાહય, લેલેગે મોહમદસે.
રોઝે મે મોહમદકે મેને બ ખુદા દેખા
અલ્લાહકી આવાઝે આઇ ઉમી ગુમબદસે
લીલ્લાહ મેરી તુરબતમે ચુપ ચાપ ચલે જાતો
ગર તુમને મુઝે છેડા, કેહ દુગા મોહમદસે.
અય બાદે સબા તુરબત, મોહતાજે મુરમ્મત હય.
મીટી મુઝે થોડીસી લાદે દરે આહમદમે
ક્યુ ઝીકર ખુદા છેડા, અય મુનકરો તુરબતપર.
કુછ બાત ન કરનેદી, તમવીરે મોહમદસે.
મુઝતર મુઝે તોબાહી, જીસ વકતકે યાદ આઇ.
નીકલા મય ઉગર થામે, ટુટે હુવે મરકદસે.

ગઝલે-અકબર તર્જે—કવ્વાલી.

ખુમહે દરખ્ત રોઝએ વાલે કે સામને.
મજનું ખડા હે બેમએ, લૈલા કે સામને.
એક એક કો બખ્શવાએંગે મેહશરમે હકસે વો—
ચુસુફકી બન પડીહે ઝુલેખા કે સામને.
જલવે કે દેખને કે લીયે બી તો કોઇહો—
મુહસે નકાબ ઉલટ દીયા મુસાકે સામને
ક્યશા મુકામ કાફ્લેવાલે ચલે ચલો.
ઠેરેગે ચલકે ઉસ સહેરાવાલા કે સામને.
